


RNI No. GUJGUJ/2016/70752
NAVSARJAN SANSKRUTI

# નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 10
Issue : 020
Dt.: 24-11-2025,
Monday
Page:04
Rs.00.50 paisa



EDITOR : RAGINI JIGNESHKUMAR VAGHELA Regd. Office : B/13, Sneh Plaza Shopping Centre, I.O.C. Road, Chandkheda, Ahmedabad-382 424, Gujarat, India.

Phone : 76983 33307 (M) 84859 51747, 70963 33307 ● Email : navsarjansanskruti2016@gmail.com ● Email : navsarjansanskruti2016@yahoo.com ● Website : www.navsarjansanskruti.com


### સેલ્સ મેનેજર જ નીકળ્યો માસ્ટર માઈન્ડ

# NCBને મળી સફળતા: દિલ્હીમાંથી ઝડપી પાડ્યું ૨૬૨ કરોડનું ડ્રગ્સ

## સાથે જ NCBએ ૨ આરોપીઓની ધરપકડ કરી છે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી નાર્કોટિક્સ કંટ્રોલ બ્યુરો (NCB)એ રાજધાની દિલ્હીમાં એક મોટી કાર્યવાહી કરતાં ૨૬૨ કરોડ રૂપિયાથી વધુનો ડ્રગ્સ જથ્થો જપ્ત કર્યો છે. આ કાર્યવાહી એક ફાર્મહાઉસ પર દરોડાથી શરૂ થઈ હતી, જ્યાંથી મળેલી મહત્વની લીડના આધારે NCBએ સતત ત્રણ દિવસ સુધી ઓપરેશન ચલાવ્યું. આ ઓપરેશનમાં આંતરરાષ્ટ્રીય સ્તરે સક્રિય સિન્થેટિક ડ્રગ નેટવર્કનો મોટો ખુલાસો થયો છે.

તપાસ દરમિયાન ટીમને એવી માહિતી મળી કે આ ટુકડી વિદેશી ઓપરેટરોના નિર્દેશ પર કામ કરતી હતી. ફાર્મહાઉસ પરના દરોડા બાદ દિલ્હી-NCRમાં અનેક ઠેકાણાઓ પર વોચ વધારી દેવામાં આવી અને શંકાસ્પદ લોકોની ગતિવિધિઓ પર નજર રાખવામાં આવી.

NCBએ આ ઓપરેશનમાં ૨૫ વર્ષીય શેન વારિસ નામના શખ્સને ઝડપી પાડ્યો છે, જે મૂળ ઉત્તર પ્રદેશના અમરોહા જિલ્લાના મંગરૌલી ગામનો રહેવાસી છે. ધરપકડ વખતે તે નોઈડા સેક્ટર-૫, હરૌલામાં ભાડાના મકાનમાં રહેતો હતો અને એક કંપનીમાં સેલ્સ મેનેજર તરીકે કામ કરતો હતો. તપાસમાં સામે આવ્યું છે કે શેન વારિસ પોતાના "બોસ"ના નિર્દેશ પર ફેક સિમ કાર્ડ પર વૉટ્સએપ ચાલુ કરીને ચેટ કરતો હતો, જેથી તેનું લોકેશન અને ગતિવિધિઓ ટ્રેસ ન થઈ શકે. શેનને ૨૦ નવેમ્બર ૨૦૨૫ના રોજ ઝડપી લેવામાં આવ્યો હતો. પૂછપરછમાં તેણે ડ્રગ નેટવર્કમાં પોતાની ભૂમિકા કબૂલી અને ઘણી મહત્વની જાણકારીઓ આપી. તેણે એક મહિલા એસ્થર કિમિનીનું નામ પણ જણાવ્યું, જેના મારફતે પોર્ટર રાઈડર દ્વારા નશીલા પદાર્થનું મોટું કન્સાઈનમેન્ટ મોકલવામાં આવ્યું હતું. તેણે તેનું સરનામું અને સંપર્ક વિગતો પણ NCBને આપી દીધી.

શેન વારિસે આપેલી માહિતીના આધારે NCBએ ૨૦ નવેમ્બરે છતરપુર એક્લેવ ફેઝ-૨ના એક મકાનમાં દરોડો પાડ્યો. અહીંથી



૩૨૮.૫૪ કિલો મેથામ્ફેટામિન જપ્ત કરવામાં આવ્યું, જેની આંતરરાષ્ટ્રીય બજારમાં કિંમત ૨૬૨ કરોડ રૂપિયાથી વધુ હોવાનું કહેવાય છે. આટલી મોટી માત્રામાં સિન્થેટિક ડ્રગ્સની જપ્તીને એજન્સી તાજેતરના વર્ષોમાં સૌથી મોટી સફળતાઓમાંની એક માની રહી છે. શેનની માહિતીથી એજન્સીને માલ જપ્ત કરવામાં જ મદદ ન મળી, પરંતુ નેટવર્કની વિદેશી લિંક, સ્થાનિક સાથીઓ, સપ્લાય રૂટ તથા લેવડ-દેવડની પદ્ધતિઓનો પણ ખુલાસો થયો છે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ઓપરેશન 'ક્રિસ્ટલ ફોર્ટ્સ' હેઠળ મેગા ટ્રાન્સ-નેશનલ મેથામ્ફેટામિન કાર્ટેલનો પર્દાફાશ કરવા બદલ NCB અને દિલ્હી પોલીસની સંયુક્ત ટીમને અભિનંદન પાઠવ્યા છે. અમિત શાહે કહ્યું કે, આ ઓપરેશન વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નશામુક્ત ભારતના વિઝનને અનુરૂપ એજન્સીઓ વચ્ચે સીમલેસ સમન્વયનું ઉત્તમ ઉદાહરણ છે. તેમણે જણાવ્યું કે, સરકાર top-to-bOtom અને bOtom-to-top અભિગમથી ડ્રગ કાર્ટેલને ખતમ કરવાની દિશામાં સતત કામ કરી રહી છે. નવી દિલ્હીમાં ૨૬૨ કરોડની ૩૨૮ કિલો મેથામ્ફેટામિનની જપ્તી અને બે આરોપીઓની ધરપકડ એક મોટી સફળતા રૂપે સામે આવી છે. દિલ્હીમાં મેથામ્ફેટામિનની સૌથી મોટી જપ્તીઓમાંની એક છે. ઓપરેશન 'ક્રિસ્ટલ ફોર્ટ્સ' સરકારના સિન્થેટિક ડ્રગ કાર્ટેલ અને તેમના ટ્રાન્સ-નેશનલ નેટવર્કને ખતમ કરવાના સફળ પ્રયાસોને સ્પષ્ટ રીતે દર્શાવે છે.NCBની તપાસમાં સ્પષ્ટ થયું છે કે, આ ગિરોહ એક મોટા આંતરરાષ્ટ્રીય ડ્રગ સિન્ડિકેટનો ભાગ છે, જેને વિદેશમાં બેઠેલા ઓપરેટરો કંટ્રોલ કરતા હતા. એજન્સી હાલ સપ્લાયર્સ, સહ-કોન્સપિરેટર, ફાઈનાન્શિયલ ચેનલો, સ્ટોરેજ પોઈન્ટ અને ટ્રાન્સપોર્ટ રૂટનો સંપૂર્ણ નકશો તૈયાર કરી રહી છે. ટીમનું કહેવું છે કે આવનારા દિવસોમાં વધુ ધરપકડો થઈ શકે છે.

### વિમાનનું મુંબઈમાં કરાયું લેન્ડિંગ, એરપોર્ટ પર એલર્ટ

# હૈદરાબાદ-બહરીન ફલાઈટને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી

## કેન્દ્રીય સુરક્ષા દળ અને બોમ્બ ડિસ્પોઝલ સ્ક્વોર્ડ વિમાનને ઘેરીને મોટાપાયે સર્ચ ઓપરેશન હાથ ધર્યુ હતું

(સંપૂર્ણ સમાચાર સેવા)બહરીન બહરીનથી હૈદરાબાદ આવી રહેલી એક ઈન્ટરનેશનલ ફ્લાઈટને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળતા હડકંપ મચ્યો છે.

અધિકારીઓ દ્વારા આપવામાં આવેલી માહિતી અનુસાર, ગલ્ફ એરની ફ્લાઈટ નંબર GF 274, જે બહરીનથી હૈદરાબાદના શમશાબાદ એરપોર્ટ (રાજીવ ગાંધી ઈન્ટરનેશનલ એરપોર્ટ) માટે ઉડાન ભરી રહી હતી, તેને સુરક્ષાના કારણોથી મુંબઈ લેન્ડ કરી દેવાઈ.

મંગળવાર સવારે અધિકારીઓને વિમાનમાં બૉંબ હોવાની માહિતી મળી. ધમકી ભર્યો કોલ આવતા જ સુરક્ષા એજન્સીઓ અને એર ટ્રાફિક કંટ્રોલ (ATC) તાત્કાલિક હરકતમાં આવી ગયા. સુરક્ષાના ભાગરૂપે પાઈલટને હૈદરાબાદના બદલે નજીકના મુંબઈ એરપોર્ટ પર લેન્ડિંગ કરવાનો નિર્દેશ આપવામાં આવ્યો. વિમાને મુંબઈના છત્રપતિ શિવાજી મહારાજ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર સુરક્ષિત લેન્ડિંગ કર્યું.

લેન્ડિંગ બાદ તાત્કાલિક વિમાનને એરપોર્ટના એક આઈસોલેટેડ બેમાં લઈ જવાયું. કેન્દ્રીય સુરક્ષા દળ અને બોમ્બ ડિસ્પોઝલ સ્ક્વોર્ડ વિમાનને ઘેરીને મોટાપાયે સર્ચ ઓપરેશન હાથ ધર્યુ. તમામ મુસાફરો અને પાઈલટને સુરક્ષિત નીચે ઉતારાયા.

તેલુગુ મીડિયા રિપોર્ટ્સ અનુસાર, વિમાનની અંદર અને લગેજ હોલ્ડમાં ઊંડાણપૂર્વક તપાસ કરવામાં આવી. સુરક્ષા પ્રોટોકોલ હેઠળ મુસાફરોના સામાનની પણ બે વખત તપાસ કરાઈ.

આ ઘટનાની અસર હૈદરાબાદના શમશાબાદ એરપોર્ટ પર પણ જોવા મળી. ફ્લાઈટ ડાયવર્ટ થવાના સમાચાર મળતા જ એરપોર્ટને હાઈ એલર્ટ જાહેર કરી દેવાયું. ત્યાં પોતાના પરિવારજનોની રાહ જોઈ રહેલા લોકો અને અન્ય મુસાફરોમાં પણ ચિંતા અને અફરાતફરીનો માહોલ જોવા મળ્યો.

સુરક્ષા એજન્સીઓ દ્વારા તપાસ કરાઈ હતી અને એ નક્કી કરવાનો પ્રયાસ કરાઈ રહ્યો હતો કે ધમકી માત્ર એક અફવા હતી કે તેમાં કોઈ વાસ્તવિકતા હતી. ગલ્ફ એર કે નાગરિક ઉડ્ડયન અધિકારીઓ તરફથી હજુ વિસ્તૃત સત્તાવાર નિવેદનની રાહ જોવાઈ રહી છે.

મુસાફરોની સુરક્ષાને સર્વોચ્ચ પ્રાથમિકતા આપતા તંત્ર સંપૂર્ણ રીતે સતર્ક છે.

## વાયુ પ્રદૂષણે દિલ્હીની દશા બગાડી, AQI 400 પાર

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી ભારતમાં શિયાળાની શરૂઆત થતાં જ રાજધાની દિલ્હીની હવાની ગુણવત્તા ગંભીર સ્તરે પહોંચી ગઈ છે. રવિવારે (૨૩મી નવેમ્બર) સવારે દિલ્હીનો સરેરાશ એર ક્વોલિટી ઈન્ડેક્સ (AQI) ૩૮૦ નોંધવામાં આવ્યો હતો, જે ખૂબ જ ખરાબ શ્રેણીમાં આવે છે. જોકે, શહેરના અનેક વિસ્તારોમાં AQI 400ને વટાવી ગયો છે, જેના કારણે દિલ્હીની હવા રહેવા યોગ્ય છે કે નહીં તેવો ગંભીર પ્રશ્ન ઊભો થયો છે.

છેલ્લા ત્રણ દિવસથી AQIનો ટ્રેન્ડ ચિંતાજનક છે (૨૦ નવેમ્બરે ૩૯૧, ૨૧ નવેમ્બરે ૩૬૪ અને ૨૨ નવેમ્બરે ૩૭૦), જે દર્શાવે છે કે પરિસ્થિતિ સુધરવાને બદલે વધુ ગંભીર બની રહી છે. દિલ્હીના આનંદ વિહાર, અશોક વિહાર, બવાના, બુરાડી ક્રોસિંગ, મુંડકા, નરેલા, નેહરુ નગર, નોર્થ કેમ્પસ, પંજાબી બાગ, રોહિણી, સોનિયા વિહાર, વિવેક વિહાર અને વઝીરપુર મોનિટરિંગ સ્ટેશનો પર હવાની ગુણવત્તા ૪૦૦ને વટાવી ગઈ.

### ફક્ત ક્લિન ફ્યૂલ પર ચલાવવાની મંજૂરી

# NCRમાં પેટ્રોલ-ડીઝલની ગાડીઓથી નહીં કરી શકાય સામાનની ડિલિવરી

## ડિલિવરી કંપનીના પેટ્રોલ-ડીઝલ વાળી બાઈક, સ્કૂટર, ઓટો સહિતના વાહનોનો ઉપગોય કરવાની અનુમતિ નહીં

(સંપૂર્ણ સમાચાર સેવા)નોઈડા નોઈડા રાષ્ટ્રીય રાજધાની ક્ષેત્ર(NCR)માં વધતાં પ્રદૂષણના નિયંત્રણ કરવા માટે અને હવાની ગુણવત્તામાં સુધારો કરવાને લઈને મોટો નિર્ણય લેવામાં આવ્યો છે. હવા ગુણવત્તા વ્યવસ્થાપન આયોગ(CAQM)એ આદેશ કર્યો છે કે, નોઈડા અને ગ્રેટર નોઈડામાં ઈ-કોર્મસ અને ઓનલાઈન ડિલિવરી સેવામાં પેટ્રોલ અને ડીઝલની ગાડીઓ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. જે આગામી ૧ જાન્યુઆરી, ૨૦૨૬થી લાગુ થશે. આ પછી કોઈપણ ડિલિવરી કંપનીના પેટ્રોલ-ડીઝલ વાળી બાઈક, સ્કૂટર, ઓટો સહિતના (LCV/LGV) વાહનોનો ઉપગોય કરવાની અનુમતિ નહીં અપાઈ.

તમને જણાવી દઈએ કે, CAQM દ્વારા જાહેર કરાયેલા આદેશની સીધી અસર સ્વિગી, ઝોમેટો, બ્લિંકિટ, એમેઝોન, ફ્લિપકાર્ટ જેવી મોટી કંપનીઓ અને હજારો ડિલિવરી પાર્ટનર્સ પર પડશે. તમામ ડિલિવરી પાર્ટનર્સને આગામી દોઢ વર્ષમાં તેમના વાહનોને CNG અથવા ઈલેક્ટ્રિક વાહનો(EVs)માં રૂપાંતરિત કરવા પડશે. આદેશ અનુસાર, ડિલિવરી સેવાઓમાં સામેલ દરેક ટુ-વ્હીલર, થ્રી-વ્હીલર અને નાના કોમર્શિયલ વાહનને ફક્ત ક્લિન ફ્યૂલ પર ચલાવવાની મંજૂરી આપવામાં આવશે. નોંધનીય છે કે, આ આદેશના અસરકારક અમલીકરણની તૈયારી માટે સેક્ટર ૩૨માં નોઈડા ARTO ઓફિસ ખાતે એક મહત્ત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી.

આ બેઠકમાં ARTO નંદ કુમાર અને ARTO વિનય કુમાર સિંહની અધ્યક્ષતામાં બેઠક યોજાઈ હતી અને ઓનલાઈન ડિલિવરી સેવાઓ સાથે સંકળાયેલી વિવિધ કંપનીઓના પ્રતિનિધિઓ પણ હાજર રહ્યા હતા. અધિકારીઓએ સ્પષ્ટપણે જણાવ્યું હતું કે, ૨૦૨૬ની સમયમર્યાદા કોઈપણ સંજોગોમાં લંબાવવામાં આવશે નહીં, તેથી કંપનીઓએ હવેથી તેમનું આયોજન શરૂ કરવું જોઈએ. જેથી તેમને પછીથી કોઈ સમસ્યાનો સામનો ન કરવો પડે. ARTOના અધિકારીએ જણાવ્યું કે, આ પહેલ પરિવહન વ્યવસ્થા બદલવા માટે નહીં પરંતુ શહેરમાં વધતાં હવા પ્રદૂષણમાં સુધારો લાવવાની દિશામાં એક આવશ્યક પગલું છે. પેટ્રોલ-ડીઝલના વાહનોથી હવાના પ્રદૂષણના સ્તરમાં વધારો થાય છે. જેમાં ડિલિવરીના વાહનોની સંખ્યા વધુ હોવાથી હવાની ગુણવત્તામાં નોંધપાત્ર ફેરફાર જોવા મળે છે. તેવામાં ૨૦૨૬માં માત્ર CNG અથવા ઈલેક્ટ્રિક વાહનો(EVs) વાહનોને ડિલિવરી માટે પરવાગની આપવામાં આવશે. CAQMનો નિર્ણય લાગુ થવાથી નોઈડા-ગ્રેટર નોઈડામાં ડિલિવરી સિસ્ટમ સંપૂર્ણ રીતે બદલતી જોવા મળશે. આમ ભવિષ્યમાં રસ્તાઓ પર ફક્ત શાંત, લીલા અને પર્યાવરણને અનુકૂળ ડિલિવરી વાહનો જ જોવા મળશે. નિષ્ણાતો માને છે કે, આ ફેરફાર શરૂઆતમાં કંપનીઓ માટે પડકારજનક હશે, પરંતુ લાંબા ગાળે તે પર્યાવરણ અને નાગરિકો બંને માટે ફાયદાકારક સાબિત થશે.

# નાઈજીરીયામાં મોટો અપહરણ કાંડ: કેથોલિક સ્કૂલ પર હુમલો, ૩૦૦થી વધુ બાળકો અને ૧૨ શિક્ષકોનું અપહરણ

(સંપૂર્ણ સમાચાર સેવા)નાઈજીરીયા પશ્ચિમી આફ્રિકાના દેશ નાઈજીરીયામાંથી એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. નાઈજીરીયાની એક કેથોલિક સ્કૂલ પર બદમાશોએ હુમલો કર્યો અને ૩૦૦થી વધુ બાળકોનું અપહરણ કરી લીધું. નાઈજીરીયાના ઈતિહાસમાં આ અત્યાર સુધીનો સૌથી મોટો અપહરણ કેસ ગણવામાં આવી રહ્યો છે. નાઈજીરીયાના ક્રિશ્ચિયન એસોસિએશન (CAN) એ જણાવ્યું કે શરૂઆતમાં નાઈજર રાજ્યની સેન્ટ મેરી સ્કૂલમાંથી ૨૨૭ બાળકોનું અપહરણ થયું હોવાની આશંકા હતી, પરંતુ ચકાસણી પછી જાણવા મળ્યું કે કુલ ૩૧૫ બાળકોનું અપહરણ થયું છે.નાઈજર રાજ્યના પાપિરીમાં આવેલી સેન્ટ મેરી સ્કૂલમાંથી શુક્રવારે ૩૦૩ વિદ્યાર્થીઓ અને ૧૨ શિક્ષકોનું અપહરણ કરવામાં આવ્યું છે.

ક્રિશ્ચિયન એસોસિએશન (CAN)ના પ્રમુખે માહિતી આપી કે અપહરણકર્તાઓના હાથેથી ભાગી છૂટવાનો પ્રયાસ કરતી વખતે ૮૦થી વધુ વિદ્યાર્થીઓને સશસ્ત્ર હુમલાખોરોએ પકડી લીધા હતા.

### દિલ્હી વિસ્ફોટોમાં માર્યા ગયેલા લોકોને શ્રદ્ધાંજલિ આપી

# શાહરૂખ ખાને મુંબઈમાં ગ્લોબલ પીસ ઓનર્સ ૨૦૨૫ માં હાજરી આપી હતી

## પહેલગામ અને દિલ્હી વિસ્ફોટોના પીડિતો માટે શાહરૂખ ખાને કહ્યુ કે, હૃદય તૂટી જાય છે, જાતિ અને ધર્મ ભૂલી જાઓ

(સંપૂર્ણ સમાચાર સેવા)મુંબઈ શાહરૂખ ખાને મુંબઈમાં ગ્લોબલ પીસ ઓનર્સ ૨૦૨૫ માં હાજરી આપી હતી, જ્યાં તેમણે ૨૬/૧૧ ના આતંકવાદી હુમલા, પહેલગામ આતંકવાદી હુમલો અને તાજેતરના દિલ્હી બોમ્બ વિસ્ફોટોના પીડિતોને શ્રદ્ધાંજલિ આપી હતી.

૨૬/૧૧ ના આતંકવાદી હુમલા, પહેલગામ અને દિલ્હી વિસ્ફોટોના પીડિતો માટે શાહરૂખ ખાને કહ્યુ કે, હૃદય તૂટી જાય છે, જાતિ અને ધર્મ ભૂલી જાઓ. બોલીવુડ અભિનેતા શાહરૂખ ખાને મુંબઈમાં આયોજિત ગ્લોબલ પીસ ઓનર્સ ૨૦૨૫ માં ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં શાહરૂખ ખાનનું ભાષણ વાયરલ થઈ રહ્યું છે.

આ વાયરલ વીડિયોમાં, શાહરૂખ ખાન ૨૬/૧૧, પહેલગામ આતંકવાદી હુમલાઓ અને તાજેતરના દિલ્હી વિસ્ફોટોમાં માર્યા ગયેલા નિર્દોષ લોકોને શ્રદ્ધાંજલિ આપતા અને દેશના સૈનિકોની બહાદુરી વિશે વાત કરતા જોવા મળે છે. શાહરૂખ ખાનની સ્પીચ ઝડપથી વાયરલ થઈ રહી છે. કાર્યક્રમમાં શાહરૂખ ખાને કહ્યું કે, "૨૬/૧૧, પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલા અને તાજેતરના દિલ્હી વિસ્ફોટોમાં પોતાના જીવનું બલિદાન આપનારા નિર્દોષ લોકોને મારી નમ્ર શ્રદ્ધાંજલિ, અને આ હુમલાઓમાં શહીદ થયેલા આપણા બહાદુર સુરક્ષા કર્મચારીઓને મારી આદરપૂર્ણ સલામ." આ પછી, શાહરૂખ ખાને રાષ્ટ્રના બહાદુર સૈનિકો વિશે વાત કરી. તેઓએ કહ્યું કે, આજે, મને રાષ્ટ્રના બહાદુર સૈનિકો અને જવાનો માટે આ ચાર પંક્તિઓ કહેવાનું કહેવામાં આવ્યું છે, જે ખૂબ જ સુંદર છે. તો કૃપા કરીને ધ્યાનથી સાંભળો. જ્યારે કોઈ તમને પૂછે, તમે શું કરો છો? ત્યારે ગર્વથી કહો, હું રાષ્ટ્રનું રક્ષણ કરું છું. જો કોઈ તમને પૂછે, તમે કેટલું કમાઓ છો? તો થોડું સ્મિત કરો અને કહો, હું ૧.૪ અબજ લોકોના આશીર્વાદ મેળવું છું. અને જો કોઈ તમને હજુ પણ પૂછે, શું તમને ક્યારેય ડર નથી લાગતો? મારી આંખોમાં જુઓ અને કહો, જેઓ આપણા પર હુમલો કરે છે તેઓ તેને અનુભવે છે."

શાહરૂખ ખાને આગળ કહ્યું, "આજે, ગ્લોબલ પીસ ઓનર્સ ના આ પ્રસંગે, સમગ્ર રાષ્ટ્ર વતી, હું શહીદોના પરિવારોને સલામ કરું છું. હું તે માતાઓને સલામ કરું છું જેમના ગર્ભથી આ બહાદુર પુત્રોને જન્મ મળ્યો છે. હું તેમના પિતાઓની ભાવનાને સલામ કરું છું. હું તેમના ભાગીદારોની હિંમતને સલામ કરું છું કારણ કે તેઓ યુદ્ધમાં હતા, પરંતુ તમે બધાએ પણ અપાર હિંમત અને બહાદુરીથી યુદ્ધ લડ્યું."




# તંત્રી લેખ......

## વિપક્ષે આરોપ-પ્રત્યારોપનું રાજકારણ છોડી દેવું જોઈએ

બિહાર વિધાનસભા ચૂંટણીમાં ભાજપની આગેવાની હેઠળના NDAના પ્રચંડ વિજય પછી, વિપક્ષી પક્ષો તેમના જૂના અને ઘસાઈ ગયેલા વલણ પર વળગી રહ્યા છે. કેટલાક વિપક્ષી નેતાઓ મતદારોના વિવેક પર પણ સવાલ ઉઠાવી રહ્યા છે. ચૂંટણીઓ વિશે વાહિયાત પ્રશ્નો ઉઠાવવાનો આ ટ્રેન્ડ ૨૦૧૪ માં કેન્દ્રમાં સત્તા પરિવર્તન પછી શરૂ થયો હતો. શું એનડીએએ બિહારમાં આટલી મોટી જીત આકસ્મિક રીતે મેળવી હતી?

આ કોયડાને ઉકેલવા માટે, આપણે એનડીએ અને મહાગઠબંધન દ્વારા ચૂંટણી લડવાની રીતમાં તફાવતો તરફ દોરી ગયેલા કેટલાક સંજોગોની ચર્ચા કરવાની જરૂર છે. રાહુલ ગાંધીએ બિહારમાં એસઆઈઆર પર નિશાન સાધતા મત ચોરી સામે ઝુંબેશ શરૂ કરી, જેનાથી રાજકીય ઉથલપાથલ મચી ગઈ. તેજસ્વી યાદવે આ ઝુંબેશના સારથી તરીકે કામ કર્યું. ગઠબંધનમાં બેઠકોની વહેંચણી અંગે વાટાઘાટો શરૂ થઈ ત્યારે રાહુલ ગાંધી વિદેશ ગયા. નામાંકનના છેલ્લા દિવસ સુધી આ મામલો વણઉકેલાયેલ રહ્યો, જેના કારણે કેટલીક બેઠકો પર મૈત્રીપૂર્ણ લડાઈ થઈ. મતદાનના બીજા તબક્કાના એક દિવસ પહેલા, જ્યારે તમામ પક્ષોના નેતાઓ વિવિધ માધ્યમો દ્વારા મતદારોને પોતાનો અંતિમ સંદેશ પહોંચાડવા માટે દોડી રહ્યા હતા, ત્યારે કોંગ્રેસના એક ટોચના નેતાનો સતપુરા ટાઈગર રિઝર્વમાં જંગલ સફારી લેતાનો ફોટો સામે આવ્યો. મતદાનના પ્રથમ તબક્કા દરમિયાન ખરાબ હવામાનને કારણે, ૩૬ વર્ષીય યુવાન તેજસ્વી યાદવ તેમના નિવાસસ્થાને આરામ કરતા જોવા મળ્યા. તેનાથી વિપરીત, ૭૪ વર્ષીય નીતિશ કુમાર, જે ખરાબ સ્વાસ્થ્યના આરોપોનો સામનો કરી રહ્યા હતા, તેમણે ફુલપરસ વિધાનસભા મતવિસ્તારમાં રોડ દ્વારા મુસાફરી કરી અને રોડ શો કર્યો. આ અનિવાર્યપણે પ્રશ્ન ઉઠાવે છે કે મતદારોએ કોને ગંભીરતાથી લેવો જોઈએ: જેઓ, તેમના કાર્ય નીતિ દ્વારા, ચૂંટણીને પ્રવાસી આકર્ષણ તરીકે માને છે અથવા જેઓ, તેમના જીવન-મરણની મહત્વાકાંક્ષાઓ સાથે, ચૂંટણી મેદાનમાં ઉતરે છે. બિહાર ચૂંટણીમાં ગૃહમંત્રી અમિત શાહની રણનીતિએ નોંધપાત્ર ફરક પાડ્યો. ચૂંટણી પહેલા, દ્રઢછ અનેક મોરચે ઘેરાયેલું હતું.જદયુ અને એલજેપી આર વચ્ચેની હરીફાઈ વચ્ચે, તેમને પાંચ પક્ષો વચ્ચે બેઠક વહેંચણી માટે એક ફોર્મ્યુલા શોધવી પડી. એનડીએ જીતવાની સ્થિતિમાં, તેમને મહારાષ્ટ્રમાં એકનાથ શિંદેની જેમ, નીતિશ કુમારને પણ પદ પરથી હટાવવામાં આવશે તેવી ધારણાનો સામનો કરવો પડ્યો. પાર્ટીના કાર્યકરોમાં ઉત્સાહ જાળવી રાખવા માટે, તેમને ભાજપના મુખ્યમંત્રી ઉમેદવારની છાપ પણ ઉભી કરવી પડી અને બેરોજગારીના મુદ્દાઓથી ઉશ્કેરાયેલા યુવાનોના ગુસ્સાને સંભાળવો પડ્યો, જેના કારણે અગાઉની ચૂંટણીમાં મહાગઠબંધન લગભગ જીત તરફ દોરી ગયું હતું. બિહારમાં અડગ રહીને, અમિત શાહે માત્ર આ પડકારોનો સામનો જ નહીં પરંતુ ભાજપને સૌથી મોટો પક્ષ પણ બનાવ્યો. એક તરફ, તેમણે ટિકિટ વિતરણ પછી વ્યક્તિગત રીતે પાર્ટીના બળવાખોરોને શાંત કર્યા, જ્યારે બીજી તરફ, તેમણે દરેક પ્રદેશમાં કાર્યકરો સાથે વ્યક્તિગત રીતે વાતચીત કરીને તેમના અસંતોષને દૂર કર્યો. એલજેપી આર અને જદયુ કાર્યકરો વચ્ચે સંકલન સ્થાપિત કરવાનો એક મોટો પડકાર હતો. પરિણામો દર્શાવે છે કે તેઓ માત્ર આમ કરવામાં સફળ રહ્યા જ નહીં, પરંતુ એલજેપી આર અને રાષ્ટ્રીય લોક મોરચાના મતો બધા સાથી પક્ષોને ટ્રાન્સફર કરવામાં પણ સફળ રહ્યા. દિલ્હીમાં પીએમ પદ કે બિહારમાં મુખ્યમંત્રી પદ ખાલી નથી એમ કહીને, તેમણે એક જ પ્રહારમાં વિપક્ષના સૌથી મોટા હથિયારને ધૂંધળું કરી દીધું. કોઈ પણ વિપક્ષી નેતા મતની કથિત હેરાફેરીનું સમર્થન કરી શકતો નથી. મતદાર યાદીમાંથી ૬.૫ મિલિયન નામો કાઢી નાખવા છતાં કોઈ જાહેર વિરોધનો અભાવ એ સાબિત કરે છે કે એસઆઈઆરમાં કોઈ ગેરરીતિ થઈ નથી. હકીકતમાં, એનડીએનો જંગી વિજય તેના પાયાના કાર્યને કારણે છે.એનડીએને પાછલી ચૂંટણીમાં મહાગઠબંધન કરતાં લગભગ નવ ટકા વધુ મત મળ્યા હતા.

## શન્ટિંગ મેળાનું સફળ આયોજન






વડોદરા મંડળના પરિચાલન વિભાગ દ્વારા સુરક્ષિત ટ્રેન સંચાલનને પ્રોત્સાહન આપવાના ઉદ્દેશ્યથી તાજેતરમાં ગોધરા સ્ટેશને શન્ટિંગ મેળાનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યો.

પશ્ચિમ રેલવેના વડોદરા મંડળના જનસંપર્ક અધિકારી શ્રી અનુભવ સકસેનાએ જારી કરેલા એક પ્રેસ નિવેદન મુજબ, સંરક્ષા પશ્ચિમ રેલવે માટે સર્વોપરી છે. તે જ અનુસંધાને પરિચાલન વિભાગના કર્મચારીઓ માટે ગોધરામાં શન્ટિંગ મેળાનું આયોજન કરવામાં આવ્યું, જેમાં ૧૦૭ કર્મચારીઓએ ભાગ લીધો. સેમિનારમાં પ્રશ્નોત્તરી સત્ર અને ખુલ્લી ચર્ચા દ્વારા ભાગલેનારોએ સક્રિય રીતે ભાગ લીધો.

આ મેળા દરમ્યાન યોજાયેલ સેમિનારમાં પરિચાલન વિભાગના રેલકર્મચારીઓ થી શન્ટિંગ કાર્ય દરમિયાન લેવાતી સાવચેતીઓ, લોડની સ્ટેબલિંગ સમયે જરૂરી તકેદારી, પાવર બ્લોક દરમિયાન સલામતી પગલાં, દિવસ અને રાત્રે હાથ સંકેતોનો ઉપયોગ, પોઈન્ટ્સની ક્લેમ્પિંગ વખતે ધ્યાનમાં લેવાની સાવચેતી વગેરે બાબતે ઉચ્ચ અધિકારીઓ દ્વારા ખુલ્લી ચર્ચા કરવામાં આવી અને તેમને સંરક્ષા સાથે જોડાયેલા આ મહત્વના મુદ્દાઓ અંગે જાગૃત કરવામાં આવ્યા.

શ્રી સકસેનાએ જણાવ્યું કે વડોદરા મંડળના પરિચાલન વિભાગની આ પહેલ રેલવે કર્મચારીઓમાં સુરક્ષા પ્રક્રિયાઓને મજબૂત બનાવવા, પરિસ્થિતિજન્ય જાગરૂકતા વધારવા અને સતત શીખવાની સંસ્કૃતિને પ્રોત્સાહિત કરવા માટે અત્યંત મહત્વપૂર્ણ સાબિત થઈ છે.

ગોપાલપુરી ગેટથી સર્વોદય ક્રિકેટ ગ્રાઉન્ડ સુધીના રોડને આઈકોનિક ગૌરવ પથ તરીકે વિકસાવાશે

# નવ રચિત ગાંધીધામ મહાનગરપાલિકાને એક જ દિવસમાં એક સાથે ૧૭૬ કરોડના ૬૬ વિકાસ કામોની ભેટ આપતા મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલ

### નગરપાલિકામાંથી મહાનગરપાલિકા બનેલા ગાંધીધામ શહેરમાં આકાર લેનાર મોડેલ ફાયર સ્ટેશન, સ્માર્ટ લાઈબ્રેરી, આઈકોનિક પ્રવેશદ્વાર, બગીચા, રોડ – રસ્તા, ગટર, પાણી, સ્ટ્રોમ વોટર, સહિતના વિકાસ કામો થકી શહેરને મળશે નવી ઓળખ

નગરપાલિકામાંથી મહાનગર પાલિકા બન્યા પછી ગાંધીધામ શહેરમાં પ્રથમવાર આવેલા મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે રૂ.૧૭૬ કરોડના ૬૬ વિકાસકામોની ભેટ આપી હતી.

આ સાથે જ ઓસ્લો સર્કલ ખાતે ડૉ.બાબાસાહેબ આંબેડકરને પુષ્પાંજલિ અર્પી તેમની પુનઃ સ્થાપિત પ્રતિમાનું અનાવરણ તથા નવનિર્મિત ફ્લાય ઓવરનું "ડૉ.બાબાસાહેબ આંબેડકર બ્રિજ" નામકરણ તેમજ સર્કલ ડેવલપમેન્ટ તેમજ પાર્કિંગ ફેસીલીટીના વિકાસ કામનું લોકાપર્ણ કર્યું હતું. ગાંધીધામ ખાતે ગોપાલપુરીના સરદાર વલ્લભભાઈ પટેલ ઓડિટોરિયમ ખાતે યોજાયેલા કાર્યક્રમમાં ૧૭૬ કરોડના વિકાસકામોનું ઈ – ખાતમુહૂર્ત કરતા મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે મહાનગરના નાગરિક તરીકેનું ગૌરવ મેળવવા બદલ ગાંધીધામવાસીઓને અભિનંદન પાઠવતા જણાવ્યું હતું કે, ગાંધીધામ મહાનગરપાલિકા થયા પછી પહેલીવાર મારે અહીં આવવાનું થયું છે. કચ્છના ઈકોનોમિક કેપિટલની ઓળખ ધરાવતાં અને રાજ્યના મહત્વના ઔદ્યોગિક કેન્દ્ર ગાંધીધામને વિકાસની નવી ઊંચાઈઓ સર કરાવવાની વડાપ્રધાનશ્રી તથા રાજ્ય સરકારની નેમ છે. આ નેમને આગળ વધારતા રૂ. ૧૭૬ કરોડના વિવિધ વિકાસ કામોના ખાતમુહૂર્ત કરવામાં આવ્યા છે.

વિશ્વ નેતા અને યશસ્વી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીની વિઝનરી લીડરશીપમાં વિકાસનું રોલ મોડલ બનેલ ગુજરાતમાં વધતા જતા વિકાસને કારણે લોકો રોજી-રોટી માટે નગરોમાં વસતાં થયા છે ત્યારે નગરોમાં જન સુખાકારી અને પાયાની સુખ સુવિધાઓના કામોમાં ગતિ લાવવા રાજ્ય સરકાર નવી મહાનગર પાલિકાઓની રચના કરી રહી છે.

આજ વિઝન હેઠળ વિકાસની ગતિ અને વ્યાપકતા વધારવા ગાંધીધામ નગરપાલિકામાં આસપાસના ૧૧ ગામોનો સમાવેશ કરીને નવી મહાનગરપાલિકાની રચના કરવામાં આવી છે. તેમણે વધુમાં ઉમેર્યુ હતું કે, પહેલા ગાંધીધામ નગરપાલિકાનું વાર્ષિક બજેટ ૧૧૦ કરોડ રૂપિયા હતું. પરંતુ મહાનગરપાલિકાનો દરજ્જો મળ્યા પછી તે છ ગણું એટલે ૬૦૮ કરોડનું બજેટ મંજૂર કરવામાં આવ્યું છે. એટલું જ નહીં, ગાંધીધામને શહેરી વિકાસની વિવિધ યોજનામાંથી પાછલા ત્રણ વર્ષમાં ૨૫૫ કરોડ રૂપિયા ફાળવ્યા છે.

મુખ્યમંત્રીશ્રીએ ગાંધીધામ મહાનગરપાલિકા દ્વારા ખાતમુહૂર્તમાં સમાવેલ કામોની સરાહના કરતા જણાવ્યું હતું કે, હોલીસ્ટિક સીટીના વિકાસને વિચારને મૂર્તિમંત કરતા આ કામો સર્વગ્રાહી વિકાસની ઝલક દર્શાવે છે. સમય અનુકૂળ તથા નગરની પ્રાથમિક જરૂરિયાતોના કામોમાં આઈકોનિક રોડ, રસ્તા, પાણી, ગટર, ગાર્ડન–તળાવ સહિત જન જનને સ્પર્શતા વિકાસકામો સાથે મહાનગર પાલિકાએ આધુનિક કામો જેવા કે ફાયર સ્ટેશન તથા મોડર્ન લાઈબ્રેરી સહિતના વિકાસ કામોનો પણ સમાવેશ કર્યો છે જે સર્વગ્રાહી વિકાસ દર્શાવે છે.

શહેરોનો વિકાસ કેવો હોય, કેટલા સ્કેલનો અને કઈ સ્પીડનો હોય તે ગુજરાતના નગરોએ દેશને બતાવ્યું છે તેવું જણાવતા મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યુ હતું કે, પહેલા વિકાસની માત્ર વાતો થતી પરંતુ વડાપ્રધાનશ્રી નરેન્દ્ર ભાઈ મોદીએ વિકાસની રાજનીતિથી વિકાસને ધરાતલ પર ઉતાર્યો છે. વડાપ્રધાનશ્રીએ કચ્છને ભૂકંપની આપદામાંથી બેઠું કરીને વિકાસની રાહે પૂરપાટ દોડતું કર્યું છે. વડાપ્રધાનશ્રીના વિઝન અને વિકાસ થકી વેપાર, ઉદ્યોગ, ધંધા-રોજગાર, વ્યવસાયો, શિક્ષણ, આરોગ્ય દરેકે ક્ષેત્રે ગુજરાતે વિકાસની ચરમસીમા લાંઘી છે.

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ શહેરીકરણને પડકાર નહીં પરંતુ તક તરીકે સ્વીકારીને વેલ પ્લાન્ડ સીટીઝ ડેવલપમેન્ટ માટેનો માર્ગ દેશને ચિંધ્યો હોવાનું જણાવી મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યુ હતું કે, વડાપ્રધાનશ્રીએ શહેરી વિકાસના વિઝનને સાકાર કરવા આયોજનબદ્ધ અને સમય અનુકૂળ શહેરી વિકાસ માટે વર્ષ ૨૦૦૫માં શહેરી વિકાસ વર્ષની ઉજવણી બાદ ગુજરાતની સ્થાપનાના ૫૦ વર્ષ પૂરા થવાના અવસરે ૨૦૧૦માં સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અમલી કરી હતી. નાના શહેરો માટે મોટી સુવિધા આપતી આ યોજનામાં રાજ્ય સરકારે પાછલા દોઢ દાયકામાં ૫૭ હજાર કરોડથી વધુ રકમનું પ્રાવધાન કર્યુ છે.

નગરપાલિકા-મહાનગર પાલિકાઓમાં કેપેસિટી બિલ્ડીંગ અને એમ્પાવરમેન્ટનું સમયબદ્ધ આયોજન વડાપ્રધાનશ્રીએ કરાવી હોલિસ્ટિક સિટી ડેવલપમેન્ટનો સફળ પ્રયોગ આપ્યો છે. રાજ્ય સરકારે તેમના આ વિચારને અનુરૂપ ૨૦૨૫ના આ વર્ષને શહેરોના વેલ પ્લાન્ડ ડેવલપમેન્ટથી 'અર્નિંગ વેલ, લિવિંગ વેલ'ને ચરિતાર્થ કરવા ગુજરાત શહેરી વિકાસ વર્ષ ઉજવી રહ્યું છે. આ માટે શહેરી વિકાસના બજેટમાં ગયા વર્ષ કરતાં ૪૦% નો વધારો કરીને ૩૦ હજાર કરોડ રૂપિયા ફાળવ્યા છે.

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ શહેરી વિકાસને એક બેંચમાર્ક સુધી પહોંચાડ્યો હોવાનું જણાવીને મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાનશ્રી હવે આપણે ભવિષ્યની જરૂરીયાત પ્રમાણે શહેરોનો વિકાસ કરવો છે. તે માટે શહેરોને ગ્રોથ હબ તરીકે વિકસાવવાનું આયોજન છે.

ગુજરાતના દરેક ક્ષેત્રની તાકાતને જાણીને તેના વિકાસનો મજબૂત પાયો નાખી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ વાયબ્રન્ટ સમિટ દ્વારા ગુજરાતના ઔદ્યોગિક વિકાસને વિશ્વમાં નવી દિશા અને ઉંચાઈ આપી છે. ત્યારે તેમના વિઝનને આગળ વધારવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરતા મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, સ્થાનિક અર્થતંત્રને વેગ મળે, સ્થાનિક ઉત્પાદન વધે અને રોજગારીનું સર્જન થાય તે માટે રાજ્ય સરકાર રીજનલ વાયબ્રન્ટ કોન્ફરન્સનું આયોજન કરી રહી છે જેના થકી વધુને વધુ રોકાણ વધશે. જાન્યુઆરીમાં રાજકોટમાં યોજાનારી સૌરાષ્ટ્ર – કચ્છની વાયબ્રન્ટ રિજનલ કોન્ફરન્સ કચ્છમાં આવતાં મોટા ઉદ્યોગોને અનુરૂપ સ્થાનિક ઉદ્યોગોના વિકાસ અને વધુને વધુ રોકાણ આકર્ષવા મહત્વપૂર્ણ બની રહેશે તેવો આશાવાદ તેમણે સેવ્યો હતો.

મુખ્યમંત્રીશ્રીએ આ પ્રસંગે ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારત અને આત્મનિર્ભર ભારત બનાવવા આજથી જ શહેરોને ભવિષ્યલક્ષી બનાવવાના આયોજન પર ભાર મુકતા "સૌના સાથ, સૌના વિકાસ, સૌના વિશ્વાસ અને સૌના પ્રયાસ" દ્વારા સસ્ટેનેબલ સિટીઝના નિર્માણમાં આગળ વધવા અને ગાંધીધામ એમાં લીડ લે તેવો અનુરોધ કર્યો હતો.

ઉલ્લેખનીય છે કે, નગરપાલિકામાંથી મહાનગર મહાનગરપાલિકા બન્યા બાદ ગાંધીધામ શહેરમાં પ્રથમવાર પધારેલ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલનું શહેરીજનો દ્વારા એરપોર્ટથી ગોપાલપુરી સહિતના વિસ્તારોમાં ઢોલ નગારા સાથે ભાવભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. મુખ્યમંત્રીશ્રીના અભિવાદનમાં ગાંધીધામ શહેરના વિવિધ સમાજના નાગરિકો જોડાઈને રાજ્ય સરકારના સર્વ સમાવેશી વિકાસની પ્રતિબદ્ધતાને આવકારી હતી. આ પ્રસંગે ઉચ્ચ શિક્ષણ અને ટેકનિકલ રાજ્યમંત્રી શ્રી ત્રિકમભાઈ છાંગાએ જણાવ્યું હતું કે, વિભાજનની વેદનામાંથી ઊભું થયેલું આ ગાંધીધામ નગર આજે આર્થિક અને બંદરીય પ્રવૃત્તિનું ભારતનું મહત્વનું કેન્દ્ર બન્યું છે. સાંસ્કૃતિક, આર્થિક તેમજ સામાજિક ક્ષેત્ર વિકસિત ગાંધીધામના વિકાસને વધુ તેજ ગતિ આપવા માટે રાજ્ય સરકારે મહાનગરપાલિકાનો દરજ્જો આપતા હવે આ શહેરનો આયોજનબદ્ધ વધુ વિકાસ શક્ય બનશે. રાજ્યમંત્રીશ્રીએ વધુમાં ઉમેર્યું હતું કે, વડાપ્રધાનશ્રી કચ્છ પ્રત્યે વિશેષ પ્રેમ ધરાવે છે અને આ જ પ્રેમના કારણે જ તેમણે કચ્છનો સાર્વત્રિક વિકાસ કર્યો છે. અને આ જ વિઝનને મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલ આગળ ધપાવી રહ્યા છે. કચ્છ પ્રત્યે વિશેષ આત્મીયભાવ સાથે મુખ્યમંત્રીશ્રીએ કચ્છના વિવિધ નર્મદા,રોડ,રસ્તા તેમજ અનેક ક્ષેત્રોના પ્રશ્નોને હલ કરી કચ્છની વિશેષ ચિંતા સેવી છે. આ કાર્યક્રમ પ્રસંગે સાંસદશ્રી વિનોદભાઈ ચાવડા, જિલ્લા પંચાયત પ્રમુખશ્રી જનકસિંહ જાડેજા, ધારાસભ્યશ્રી માલતીબેન મહેશ્વરી, ધારાસભ્યશ્રી વિરેન્દ્રસિંહ જાડેજા, પૂર્વ વિધાનસભા અધ્યક્ષશ્રી ડૉ. નીમાબેન આચાર્ય, મહાનગરપાલિકા કમિશ્નર શ્રી મનીષ ગુરુવાણી, દિનદયાળ પોર્ટ ચેરમેનશ્રી સુશીલકુમાર સિંગ, આગેવાનશ્રી દેવજીભાઈ વરચંદ, શ્રી ધવલભાઈ આચાર્ય, પૂર્વ નગરપાલિકા પ્રમુખશ્રી તેજસ શેઠ સહિતના આગેવાનશ્રીઓ તથા મોટી સંખ્યામાં નગરજનો ઉપસ્થિત રહ્યા હતા.

# સુરત જિલ્લા ગ્રાહક કમિશને મહત્ત્વનો ચુકાદો આપ્યો: વિમાદારનું અકસ્માતમાં મોત થયાનું સાબિત થાય તો PM રિપોર્ટ જરૂરી નથી!

(સંપૂર્ણ સમાચાર સેવા)સુરત

સુરત જિલ્લા ગ્રાહક કમિશને વીમા કંપનીઓ માટે એક મહત્ત્વનો અને ઉદાહરણરૂપ ચુકાદો આપ્યો છે. કમિશને સ્પષ્ટ કર્યું છે કે જો વીમાદારનું મૃત્યુ અકસ્માતને કારણે થયું હોવાનું સ્પષ્ટપણે પુરવાર થતું હોય, તો વીમા પોલિસીનો ક્લેઈમ મંજૂર કરવા માટે પોસ્ટમોર્ટમ રિપોર્ટ રજૂ કરવો ફરજિયાત નથી.

આ ચુકાદા સાથે કમિશને રિલાયન્સ ફાઈનાન્સિયલ પ્રોટેક્શન પર્સનલ એક્સિડેન્ટ પોલિસી ધરાવતા દિવંગત દીપમાલા અગ્રવાલના પતિ અને ત્રણ સંતાનને ૨.૨૫ કરોડનો વીમા ક્લેઈમ, વ્યાજ અને વળતર સાથે ચૂકવી આપવાનો આદેશ વીમા કંપનીને આપ્યો છે. ટેકનિકલ કારણ આગળ ધરી વીમા કંપનીએ ક્લેઈમ નકાર્યો હતો. આ સમગ્ર મામલામાં ફરિયાદી સંજય અગ્રવાલની પત્ની દીપમાલા અગ્રવાલ પાસે રિલાયન્સ ફાઈનાન્સિયલ પ્રોટેક્શનની પર્સનલ એક્સિડેન્ટ પોલિસી હતી.

આ ઘટનાની વાત કરીએ તો ૪ ઓક્ટોબર, ૨૦૨૦ના રોજ બની હતી. દીપમાલા વૃંદાવન સ્ટુડિયો, ઉમરગામ ખાતે સિરિયલનું શૂટિંગ જોઈ રહ્યા હતા, ત્યારે અચાનક સ્ટેજ પરથી આશરે ૧૦-૧૫ ફૂટની ઊંચાઈએથી નીચે પટકાયા હતા. આ ગંભીર અકસ્માતમાં તેમને કમરના ભાગે ગંભીર ઈજા થઈ હતી. પ્રાથમિક સારવાર બાદ સુરતની મહાવીર સુપર સ્પેશિયાલિસ્ટ હોસ્પિટલમાં નિદાન થયું કે કમર નીચેનો ભાગ પેરાલાઈઝ્ડ થઈ ગયો છે. ટ્રીટમેન્ટ ચાલુ હતી તે દરમિયાન ૨૫ ઓક્ટોબર, ૨૦૨૦ના રોજ કોમ્પ્લીકેશન ઊભા થતાં દીપમાલા અગ્રવાલનું દુઃખદ અવસાન થયું હતું.

આ અકસ્માત મૃત્યુના આધારે તેમના પતિ સંજય અગ્રવાલે વીમા કંપની સમક્ષ ૨.૨૫ કરોડનો પર્સનલ એક્સિડેન્ટ ઈન્શ્યોરન્સનો ક્લેઈમ રજૂ કર્યો હતો. જોકે, વીમા કંપનીએ ૨૧ એપ્રિલ, ૨૦૨૨ના રોજ આ ક્લેઈમ ફગાવી દીધો હતો. કંપનીએ ક્લેઈમ નામંજૂર કરવા માટે મુખ્યત્વે ટેકનિકલ કારણ આપ્યું હતું કે, "દીપમાલાનું પોસ્ટમોર્ટમ કરાવેલ નથી અને પોલિસીની શરતો મુજબ PM રિપોર્ટ વીમા કંપની સમક્ષ રજૂ કરવામાં આવ્યો નથી." વીમા કંપનીએ પોલિસીની ટેકનિકલ શરતનો આધાર લઈને ક્લેઈમ નકાર્યો હતો, પરંતુ સુરત જિલ્લા ગ્રાહક કમિશને સમગ્ર કેસના તથ્યો અને કાયદાની જોગવાઈઓને ઊંડાણપૂર્વક તપાસ્યા હતા. કમિશને નોંધ્યું કે દર્દીનું મૃત્યુ ઊંચાઈ પરથી પડવાના અકસ્માત બાદ ઈજા અને તેનાથી ઉદ્ભવેલા કોમ્પ્લીકેશન્સને કારણે થયું હતું તે સ્પષ્ટ છે. અકસ્માત અને મૃત્યુ વચ્ચેનો સંબંધ હોસ્પિટલના દસ્તાવેજોમાં સ્પષ્ટપણે પુરવાર થાય છે. આવા કિસ્સામાં, જો વીમાદારનું મૃત્યુ અકસ્માતથી થયું હોવાનું અન્ય દસ્તાવેજો દ્વારા સ્થાપિત થતું હોય, તો માત્ર પોસ્ટમોર્ટમ રિપોર્ટની ગેરહાજરીના બહાને ક્લેઈમ નકારી શકાય નહીં. આ ચુકાદો ગ્રાહકોને ટેકનિકલ ગૂંચવણોના નામે હેરાન કરતી વીમા કંપનીઓ માટે એક મોટો સંદેશ છે અને વીમાના કાયદામાં એક મહત્ત્વપૂર્ણ માર્ગદર્શક સિદ્ધાંત બની રહેશે.

## રાજય સરકારના પ્રવાસન વિભાગમાં નિવૃત્ત અધિકારીઓની ભરતી કરાશે

પ્રતિનિધિ,ગાંધીનગર

ફરી એકવખત રાજય સરકારના મહત્વના વિભાગમાં એક મોટી ભરતી પ્રક્રિયા શરૂ થવા જઈ રહી છે, આ ભરતી સામાન્ય નોકરીયાત કર્મચારીઓ માટે નહી પરંતુ અનુભવી નિવૃત્ત અધિકારીઓ માટે ખાસ ખુલ્લી મુકી છે, રાજયના પ્રવાસન વિભાગે પણ એક મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે, પ્રવાસન કમિશ્નર કચેરીએ જાહેરાત બહાર પાડી છે કે વિભાગમાં કુલ ૨૫ નિવૃત્ત અધિકારીઓને કરાર આધારે ભરતી કરવામાં આવશે.



આ નિર્ણયથી પ્રવાસન ક્ષેત્રમાં કામકાજ વધુ મજબુત થશે અને અનુભવી અધિકારીઓની મદદ થી વિવિધ યોજનાઓને ગતિ મળશે એવો વિભાગનો આશય છે, જાહેરાત અનુસાર આ ભરતી ખાસ કરીને એવી કેટેગરીના અધિકારીઓ માટે છે જેઓ રાજય સરકારના વિવિધ મહત્વપૂર્ણ હોદ્દાઓ પરથી નિવૃત્ત થયા છે. જેમ કે અધિક કલેકટર, નાયબ કલેકટર, મામલતદાર, આરએફઓ (રેન્જ ફોરેસ્ટ ઓફીસર) અને ચીફ ઓફીસર જેવા હોદ્દાઓ પરથી નિવૃત્ત થયેલા અધિકારીઓને આ ભરતી માટે લાયક ગણવામાં આવ્યા છે. વિભાગનો માનવુ છે કે આવા હોદ્દાઓ પર સેવાકાળ દરમિયાન મેળવેલો અનુભવ પ્રવાસન વિભાગના વિકાસ માટે ગણો ઉપયોગી સાબિત થશે. પ્રવાસન વિભાગે આ ભરતી માટે સ્પષ્ટરીતે જગ્યા મુજબની વિગતો જાહેર કરી છે. કુલ ૨૫ જગ્યાઓમાંથી ૮ જિલ્લા પ્રવાસન અધિકારી, ૮ સહાયક કમિશ્નર, ૪ નાયબ કમિશ્નર, ૫ પ્રવાસન અધિકારી એવી જગ્યાઓ ભરવાની રહેશે. દરેક પદ માટે જરૂરી કામનો સ્વરૂપ , જવાબદારીઓ અને કરારની શરતો અંગેની વિગત પણ ટુંક સમયમાં જાહેર કરવામાં આવશે. જો કે હાલમાંની જાહેરાતમાં મુખ્યત્વે સ્પષ્ટ કરવામાં આવ્યુ છે કે આ તમામ જગ્યા પર નિવૃત્ત અધિકારીઓને જ લેવામાં આવશે અને તેઓને કરાર આધારે સેવા આપવા તક આપવામાં આવશે.

નવસર્જન સંસ્કૃતિમાં આપના વિસ્તારની સમસ્યા,
સંસ્થાના વિકાસલક્ષી સમાચાર,
બાળકોના જન્મદિવસની શુભેચ્છા, સગા-સંબંધીઓનું
બેસણું/શ્રદ્ધાંજલિ, વેપાર-ધંધાની જાહેર ખબર તેમજ
ન્યૂઝપેપર માટે સંપર્ક કરો.
ગાંધીનગર - સાબરકાંઠા - અરવલ્લી જીલ્લો
બ્યુરોચીફ : યુનુસ મેમણ
(મો.૭૯૮૪૮૩૬૩૭૧)
પોલોગ્રાઉન્ડ, અલકાપુરી ચાર રસ્તા પાસે, હિંમતનગર.
Email : yunushmemon@gmail.com

## આરોપીએ પ્રેમિકાના ભાઈને છરીના ઘા મારીને ઉતાર્યો મોતને ઘાટ

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમદાવાદમાં હત્યાની ઘટનાથી ખળભળાટ મચી ગયો છે. શહેરના વટવા વિસ્તારમાં આવેલી GIDCમાં આ હત્યાનો બનાવ બન્યો છે. આ હત્યાનો આરોપ અશ્વિન ઝાલા પર લાગ્યો છે. મનિષ સુથાર નામના વ્યક્તિના મોઢા પર, ગળાના ભાગમાં અને છાતીમાં છરીના ઘા માર્યા અને મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યો હતો. પ્રેમ પ્રકરણમાં આ હત્યા થઈ હોવાની પ્રાથમિક માહિતી સામે આવી છે. હાલમાં આરોપી અશ્વિન ઝાલા ફરાર છે, પોલીસે ગુનો નોંધી કાર્યવાહી શરૂ કરી છે. અમદાવાદમાં પ્રેમ પ્રકરણમાં હત્યાની ઘટનાથી ચકચાર મચી છે. અમદાવાદના વટવા GIDC વિસ્તારમાં પ્રેમ પ્રકરણમાં મનિષ સુથારની હત્યા કરાઈ હોવાની વાત સામે આવી છે. અશ્વિન ઝાલા નામના શખ્સે આ હત્યા કરી હોવાની વાત પણ ખુલી છે.

ખરેખરમાં, ગતરાત્રીના ૧૧ વાગ્યાની આસપાસ ત્રિકમપુરા કેનાલ પાસે આરોપી અશ્વિન ઝાલાએ મનીષ સુથારના મોઢા, ગળા અને છાતીના ભાગે છરીના ઘા માર્યા અને હત્યા કરી દીધી હતી. મૃતકની બહેનને આરોપી સાથે પ્રેમસંબંધ હતો અને આરોપી યુવતીને પ્રેમ સંબંધ રાખવા દબાણ કરતો તેને લઈ અવાર-નવાર ઝઘડો થતો હતો અને તેમાં હત્યાની ઘટનાને અંજામ અપાયો છે, મૃતદેહને પીએમ માટે ખસેડાયો છે અને પીએમ થયા બાદ મૃતદેહ પરિજનોને સોંપવામાં આવશે, હાલમાં આરોપી ફરાર છે. વટવા GIDC પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. રંગીલા રાજકોટમાં બે અલગ અલગ હત્યાની ઘટના સામે આવી છે. હત્યાની ઘટનાને લઈને અરેરાટી મચી જવા પામી છે. એકમાં ઘર કંકાસમાં પુત્રએ જ પિતાની હત્યા કરી તો બીજી ઘટનામાં એક યુવતીની તિક્ષ્ણ હથિયાર વડે હત્યા કરવામાં આવી છે. જો કે, યુવતીની હત્યા કેમ કરવામાં આવી તે અંગે કોઈ નક્કર માહિતી સામે આવી નથી. રાજકોટમાં હત્યાની પહેલી ઘટનામાં બેડી ચોકડી નજીક ભગવતીપરા વિસ્તારમાં સ્નેહાબેન હિતેશભાઈ આસોડિયા (ઉંમર ૩૩) નામની એક મહિલાનો મૃતદેહ માથું છૂંદેલી અને હત્યા કરાયેલી હાલતમાં મળી આવ્યો છે. આ અંગે વિગતે વાત કરીએ તો મૃતક મહિલા ભગવતીપરાની કોપરગ્રીન સોસાયટીમાં રહેતી હતી. મૃત્યુ પહેલાં તેમણે પોતાના પતિને પોતે પાણીપુરી ખાવા જઈ રહી હોવાનું જણાવ્યું હતું અને ફેક્ટરીમાંથી પાછા આવતી વખતે તેમને સાથે લેતા જજો તેમ કહ્યું હતું.

નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ
એક શુભેચ્છક

RNI No. GUJGUJ/2016/70752 Printed, Published & Owned by RAGINI JIGNESHKUMAR VAGHELA and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004 (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002 and Published from B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424. Editor : RAGINI JIGNESHKUMAR VAGHELA

# સરહદી કચ્છ જિલ્લાને એક જ દિવસમાં અંદાજે ૬૮૦ કરોડથી વધુના વિકાસ કામોની ભેટ આપતા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ

## મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા ભુજ ખાતેથી કચ્છના રૂ. ૫૦૩ કરોડથી વધુના કુલ ૫૫ વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમૂહુર્ત તેમજ ગાંધીધામ મહાનગરપાલિકા હેઠળના ૧૭૬ કરોડ રુપિયાના વિકાસ કામોનું ખાતમુહૂર્ત કરાયું

આજરોજ કચ્છના ભુજ શહેરમાં લાલન કોલેજ ગ્રાઉન્ડથી ગુજરાતના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલની ગરિમામય ઉપસ્થિતિમાં રૂ. ૫૦૩ કરોડથી વધુના ૫૫ જેટલા વિકાસકાર્યોના લોકાર્પણ અને ખાતમૂહુર્તનો કાર્યક્રમ યોજાયો હતો. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા રૂ. ૪૯૮ કરોડના ખર્ચે ૫૨ કામનું ખાતમૂહુર્ત અને રૂ. ૫.૭૯ કરોડના ખર્ચે નવનિર્મિત ૦૩ કામોનું લોકાર્પણ થયું હતું.

કચ્છની ધરા પર પધારેલા મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે દેશના યશસ્વી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી કચ્છીમાડુઓના જીવનમાં આવેલા પરિવર્તન અંગે કહ્યું કે, કચ્છીમાડુઓના ખમીર અને પુરુષાર્થથી વિકાસના નવા ચમત્કારો જિલ્લામાં સર્જાયા છે. વડાપ્રધાનશ્રીના વિઝનથી કચ્છ સૌથી વધુ ઝડપથી વિકાસ સાધતો જિલ્લો બન્યો છે. વિનાશક ભૂંકપ બાદ વડાપ્રધાનશ્રીના વિકાસના વિઝનથી તેમજ કચ્છના નાગરિકોના સહકારથી આજે જિલ્લામાં ઉદ્યોગ-ધંધા, રોજગાર અને પ્રવાસનનો તેજ ગતિએ વિકાસ થયો છે.

નર્મદાની પાઈપલાઈન અને કેનાલોના નેટવર્કથી કચ્છના વિકાસની કાયાકલ્પ થઈ છે એમ જણાવીને મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, કચ્છના રણોત્સવ, સ્મૃતિવન, શ્રી શ્યામજીકૃષ્ણવર્મા મેમોરિયલએ કચ્છી સંસ્કૃતિના વિકાસ મંદિરો બન્યા છે. કચ્છ જિલ્લો આયોજનપૂર્વકના વિકાસ સાથે આગળ વધી રહ્યો છે. કેન્દ્ર તેમજ રાજ્ય સરકારે બમણી સુવિધાઓ કચ્છને ઉપલબ્ધ કરાવી છે. ગાંધીધામ મહાનગરપાલિકાના દરજ્જાથી વિકાસની ગતિને વધુ વેગ મળશે તેમ મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું હતું.

વિવિધ વિકાસકાર્યોના લોકાર્પણ અને ખાતમૂહુર્તના કામોથી કચ્છમાં માળખાકીય સુવિધાઓ વધશે એમ જણાવીને મુખ્યમંત્રીશ્રીએ કહ્યું હતું કે, ભૂજ, અંજાર, અબડાસા, માંડવી અને રાપરના વિસ્તારોને રૂ. ૫૦૩ કરોડથી વધુ રકમના કાર્યોથી વિકાસની નવી દિશા મળશે. મુખ્યમંત્રીશ્રીએ કચ્છ જિલ્લાના શહેરોને જોડતા આંતરિક રસ્તાઓના મજબૂતીકરણ અને નવીનીકરણથી પ્રવાસનને વેગ, નાગરિકોની પરિવહન સુગમ બનશે એમ જણાવ્યું હતું. નાગરિકોને જળ સંચય સહિતના કાર્યોમાં સહભાગી થવા મુખ્યમંત્રીશ્રીએ અનુરોધ કર્યો હતો. તેઓએ જણાવ્યું કે, વિશ્વનો સૌથી મોટો હાઈબ્રિડ રિન્યૂઅલ એનર્જી પાર્ક વડાપ્રધાનશ્રીના દિશાદર્શનમાં કચ્છમાં આકાર પામી રહ્યો છે તે ગુજરાતને રિન્યૂએબલ એનર્જીનું હબ બનાવશે. વડાપ્રધાનશ્રીની દીઘર્દ્રષ્ટિથી ધોરડો રણોત્સવના કારણે 'ઈન્ટરનેશનલ ટૂરિઝમ ડેસ્ટિનેશન' બન્યું છે. ધોરડોના સફેદ રણને દુનિયાના 'બેસ્ટ ટુરિઝમ વિલેજ' તરીકે સ્થાન મળ્યું છે. કચ્છમાં ઉદ્યોગો અને પ્રવાસન વિકાસના કારણે સ્થાનિક રોજગારીની અનેક તકો ઊભી થઈ છે.

રાજ્યના સર્વાંગી વિકાસ માટે સરકાર પ્રતિબદ્ધ છે એમ જણાવીને મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, ગુજરાતના દરેક વિસ્તારના વિકાસના સ્થાનિક પોટેન્શિયલને ધ્યાને રાખીને ઉદ્યોગોને પ્રોત્સાહન માટે વડાપ્રધાનશ્રીના માર્ગદર્શનમાં વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સિસનો પ્રારંભ કરાયો છે. ગુજરાતમાં ચાર રિજનલ કોન્ફરન્સિસનું આયોજન કરાયું છે. આગામી જાન્યુઆરીમાં સૌરાષ્ટ્ર-કચ્છ પ્રદેશની રિજનલ કોન્ફરન્સ રાજકોટમાં યોજાશે અને તેના કારણે કચ્છને ઔદ્યોગિક રોકાણને નવું બળ મળશે.

વિશ્વસ્તરીય શહેરો ઊભાં કરવા માટે વર્ષ ૨૦૪૭ સુધીના આયોજન અંગે જાણકારી આપતા મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, શહેરોની નજીકના વિસ્તારોના વિકાસ માટે ગ્રોથ હબ મોડેલને લાગુ કરવામાં આવ્યું છે. કચ્છને ગ્રોથ હબ તરીકે વિકસાવવા રિજિયોનલ ઈકોનોમિક પ્લાન તૈયાર કરવામાં આવી રહ્યો છે.

ઓપરેશન સિંદૂર દરમિયાન કચ્છ જિલ્લાના નાગરિકોની ખુમારી બિરદાવીને મુખ્યમંત્રીશ્રીએ વહીવટીતંત્ર-નાગરિકોના સંકલનની પ્રસંશા કરી હતી. મુખ્યમંત્રીશ્રીએ ઓપરેશન સિંદૂર દરમિયાન કચ્છીજનોના ખમીર અને દેશ માટે સર્વસ્વ અર્પણ કરવાની રાષ્ટ્ર પ્રથમની ભાવનાને અભિનંદનને પાત્ર ગણાવી હતી.

મુખ્યમંત્રીશ્રીએ અનુરોધ કર્યો કે, નાગરિકો વડાપ્રધાનશ્રીના વર્ષ ૨૦૪૭ સુધીમાં ભારતને વિકસિત રાષ્ટ્ર આત્મનિર્ભર રાષ્ટ્ર બનાવવાના સંકલ્પમાં સહભાગી થાય અને 'વોકલ ફોર લોકલ', 'લોકલ ફોર ગ્લોબલ'ના મંત્રને જીવનમાં ઉતારીને સ્થાનિક વસ્તુઓની ખરીદી કરે. તેઓએ આત્મનિર્ભર ગુજરાતથી આત્મનિર્ભર ભારત બનાવવામાં અગ્રેસર રહેવા નાગરિકોને અપીલ કરી હતી.

ઉચ્ચ અને ટેક્નિકલ શિક્ષણ રાજ્યમંત્રીશ્રી ત્રિકમભાઈ છાંગાએ પ્રાંસગિક પ્રવચન કરતાં જણાવ્યું હતું કે, આજના વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમૂહુર્ત એ દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી અને ગુજરાતના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના કચ્છ પ્રત્યેના વિશેષ પ્રેમ અને લગાવની પ્રતીતિ છે. રાજ્યમંત્રીશ્રીએ ગુજરાત સરકારના કૌશલ્યવર્ધન સાથે ગુણવત્તાયુક્તના અભિગમને બિરદાવતા જણાવ્યું હતું કે, મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલના નિર્ણયથી જ કચ્છમાં શિક્ષકોની વિશેષ ભરતી શક્ય બની છે. કચ્છમાં શિક્ષકોની વિશેષ ભરતી પ્રક્રિયાથી અને જ્યાં નોકરી ત્યાં જ નિવૃત્તિના નિર્ણયથી છેવાડાઓના ગામડાઓ સુધી વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત શિક્ષણ મળી રહેશે. રોડ રસ્તાઓ સહિત જનકલ્યાણ હેતુથી માળખાકીય સુવિધાઓના વિકાસની ગુજરાત સરકારની વણથંભી યાત્રાની રાજ્યમંત્રીશ્રીએ પ્રસંશા કરી હતી. રાજ્યમંત્રીશ્રીએ નાગરિકોને દેશના વિકાસમાં તત્પરતાથી સહભાગી બનવા અનુરોધ કર્યો હતો. કચ્છ જિલ્લાના વિકાસના કાર્યો અંગે રાજ્યમંત્રીશ્રીએ ગુજરાતના મુખ્યમંત્રીશ્રીનો આભાર માન્યો હતો.

આ પ્રસંગે કચ્છ મોરબી સાંસદશ્રી વિનોદભાઈ ચાવડાએ જણાવ્યું હતું કે, ગાંધીધામ મહાનગરપાલિકાના દરજ્જાથી આ વિસ્તારમાં નવું પરિવર્તન આવશે. તેઓએ કચ્છના અનેક વિકાસકાર્યોની નોંધ લઈને વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી અને ગુજરાતના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરી હતી. સાંસદશ્રીએ જણાવ્યું હતું કે, ડબલ એન્જિન સરકારની કચ્છ પ્રત્યેની સતત ચિંતાના લીધે આજે કચ્છમાં પ્રવાસન, ઉદ્યોગ, પ્રવાસન અને પશુપાલન સહિતના ક્ષેત્રમાં અભૂતપૂર્વ વિકાસ થયો છે.

ભુજના ધારાસભ્યશ્રી કેશુભાઈ પટેલે વિકાસકાર્યોની ભેટ બદલ મુખ્યમંત્રીશ્રીનો આભાર વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, સરકારે કચ્છ જિલ્લાને વિકાસના ક્ષેત્રમાં અનેક ભેટ આપીને અગ્રેસર રાખ્યો છે. કચ્છ જિલ્લાની અનેક સમસ્યાનું સરકારે સુખદ સમાધાન કર્યું છે જેથી કચ્છીમાડુઓના જીવનમાં હકારાત્મક પરિવર્તન આવ્યું છે. ધારાસભ્યશ્રીએ કચ્છના વિકાસનો શ્રેય દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી અને ગુજરાતના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલને આપ્યો હતો. તેઓએ કચ્છમાં રોડ રસ્તાઓના વિકાસથી કચ્છમાં મુસાફરી અને પરિવહન સુગમ બનશે એમ જણાવ્યું હતું.

કચ્છ પધારેલા મુખ્યમંત્રીશ્રીનું કચ્છી સંસ્કૃતિ મુજબ કચ્છી પાઘડી અને શાલ દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું. વિવિધ સંગઠનો, જિલ્લા વહીવટીતંત્રની ટીમ દ્વારા કચ્છ પધારેલા મુખ્યમંત્રીશ્રીનું ભાવભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું.

ઉલ્લેખનીય છે કે, કચ્છ જિલ્લામાં આજરોજ વિવિધ વિકાસકાર્યોના લોકાર્પણ અને ખાતમૂહુર્ત થવાથી આંતરિક રસ્તાઓનું નવીનીકરણ થશે. ભુજ શહેરના મહત્વના તમામ રસ્તાઓને ખાતમૂહુર્ત પ્રસંગે આવરી લેવાયા હોય શહેરના નાગરિકોને ઉત્તમ પરિવહન સુવિધા ઉપલબ્ધ થશે. મુખ્યમંત્રીશ્રીએ માર્ગ અને મકાન વિભાગ(રાજ્ય) દ્વારા રૂ. ૩૯૩.૩૯ કરોડના ૨૩ કામોનું ખાતમૂહુર્ત, વન વિભાગના રૂ. ૨.૬૦ કરોડના છારી ઢંઢ અને પડાલા મેન્ગ્રુવ લર્નિંગ સેન્ટરના વિકાસકામનું લોકાર્પણ, સિંચાઈ વિભાગ દ્વારા રૂ. ૬ કરોડથી વધુના ખર્ચે કચ્છના વિવિધ ગામના તળાવ સુધારણાના કામોનું ખાતમૂહુર્ત, શિક્ષણ વિભાગ દ્વારા કચ્છના ગુનેરી ખાતે રૂ. ૩.૧૯ કરોડના ખર્ચે નવીન માધ્યમિક શાળાનું લોકાર્પણ, જીએસઆરડીસી દ્વારા રૂ. ૪૨.૫૦ કરોડના ખર્ચે ભુજ-મુન્દ્રા રોડ અને રૂ.૧૯.૭૨ કરોડના ખર્ચે ભુજ-નખત્રાણા રોડના મજબૂતીકરણ અને રિસર્ફેસિંગના કામનું ખાતમૂહુર્ત અને માર્ગ અને મકાન પંચાયત વિભાગના રૂ. ૨૬.૫૨ કરોડના ખર્ચે વિવિધ રોડના રિસર્ફેસિંગ કામોની ભેટ કચ્છવાસીઓને આપી હતી.

આ કાર્યક્રમમાં જિલ્લા પંચાયત પ્રમુખશ્રી જનકસિંહ જાડેજા, અબડાસા ધારાસભ્ય પ્રદ્યુમ્નસિંહ જાડેજા, અગ્રણીશ્રી દેવજીભાઈ વરચંદ, ભુજ નગરપાલિકા પ્રમુખ શ્રીમતિ રશ્મિબેન સોલંકી, ભુજ તાલુકા પંચાયત પ્રમુખશ્રી વિનોદભાઈ વરસાણી, કચ્છ કલેકટરશ્રી આનંદ પટેલ સહિત અધિકારીશ્રીઓ, પદાધિકારીશ્રીઓ અને નગરજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

### મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલનો માનવતાવાદી અભિગમ

# એક દીકરીના લગ્ન પૂર્વ નિર્ધારિત સમય અને સ્થળે યોજાય તે માટે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે જામનગરના કાર્યક્રમનું સ્થળ બદલ્યું

### "આપણા કાર્યક્રમનું સ્થળ બદલો... દીકરીના પરિવારની ચિંતા એ આપણી ચિંતા." : મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ

ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માનવતાવાદી અભિગમને દર્શાવતી ઘટના પ્રકાશમાં આવી છે. વાત જાણે એમ બની કે મુખ્યમંત્રીશ્રીએ જામનગરના એક પરિવારની વિનંતીને માન આપીને પોતાના પૂર્વ નિર્ધારિત કાર્યક્રમનું સ્થળ બદલી નાખ્યું, જેથી એક દીકરીના લગ્નનો પ્રસંગ ધામધૂમથી અને શાંતિપૂર્વક સંપન્ન થઈ શકે.





વાત વિગતે તારીખ ૨૩-૧૧-૨૦૨૫ ના રોજ જામનગરના પરમાર પરિવારની દીકરી શ્રી સંજના પરમારના લગ્ન શહેરના ટાઉનહોલ ખાતે નક્કી થયા હતા. પરિવારમાં રૂડો અવસર હતો.હરખ મા'તો નહોતો, તમામ વિધિઓ અને તૈયારીઓ પૂર્ણતાના આરે હતી. ત્યાં સમાચાર મળ્યા કે, તા. ૨૪-૧૧-૨૦૨૫ ના રોજ રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ જામનગર ખાતે પધારવાના છે. જામનગરના ટાઉનહોલ ખાતે મુખ્યમંત્રીશ્રીનો જાહેર કાર્યક્રમ નિર્ધારિત થયો હતો. આ કાર્યક્રમ શ્રી સંજના પરમારના લગ્નના માત્ર એક દિવસ પછી હોવાથી આસપાસના વિસ્તારમાં પોલીસ બંદોબસ્ત અને સુરક્ષા વ્યવસ્થાઓ ગોઠવાઈ હતી. જેથી મુખ્યમંત્રીશ્રીની સુરક્ષા વ્યવસ્થામાં પગલે લગ્નવિધિમાં અવરોધ ઉભા થવાની શક્યતા ઉભી થઈ. પરિણામે, પરમાર પરિવારની ચિંતા વધી.પરિવારે આ મુદ્દે મુખ્યમંત્રીશ્રી સુધી પોતાની વાત પહોંચાડવા પ્રયાસ કર્યો. વાત મુખ્યમંત્રીશ્રી કાર્યાલય સુધી પહોંચી.વાત સાંભળી મુખ્યમંત્રીશ્રીએ તરત કહ્યું, "આપણા કાર્યક્રમનું સ્થળ બદલો. દીકરીના પરિવારની ચિંતા એ આપણી ચિંતા."મુખ્યમંત્રીના આદેશના પગલે કાર્યક્રમનું સ્થળ બદલાયું. આ ઘટનાક્રમમાં અંગે વાત કરતાં શ્રી સંજના પરમારના કાકા શ્રી બ્રિજેશ પરમાર કહે છે : મુખ્યમંત્રીશ્રીને અમારા લગ્ન પ્રસંગની જાણ થતાં જ તેમણે અમારી વાતચીત કરી અને હૈયાધારણ આપી.

મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, "તમે જરાપણ ચિંતા કરશો નહીં. તમારા લગ્ન ધામધૂમથી જ્યાં નિર્ધારિત હતા. ત્યાં ટાઉનહોલ ખાતે જ કરો. અમે અમારા કાર્યક્રમનું સ્થળ બદલાવીશું." આમ, મુખ્યમંત્રીશ્રીની આ સંવેદનાથી પરમાર પરિવારની ચિંતા દૂર થઈ.

બ્રિજેશ પરમાર મુખ્યમંત્રીશ્રીનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરતા કહે છે : " લગ્ન ગાળાની સીઝનમાં તાત્કાલિક નવું સ્થળ શોધવું. મહેમાનોને જાણ કરવી. નવી વ્યવસ્થાઓ ઊભી કરવી. આ બધુ અમારા માટે અઘરું હતું. પણ આભાર મુખ્યમંત્રીશ્રીનો, જેમણે અમારો પ્રસંગ શાંતિ અને સુખરૂપ યોજાય તે માટે તેમણે પોતાના કાર્યક્રમનું સ્થળ બદલ્યું. મુખ્યમંત્રી સાહેબનો એક ફોન આવ્યો અને અમે શાંતિથી એ રાત્રે સૂઈ શક્યા."

આ ઘટના દર્શાવે છે કે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ મૃદુ અને મક્કમ મુખ્યમંત્રી તો છે જ, પણ સાથે 'ઉત્તમ માણસ' છે.તેઓ જનતાની નાની મુશ્કેલીઓ માટે પણ તે સદા સંવેદશીલ છે.

# અમરેલી જિલ્લામાં માર્કેટીંગ યાર્ડો મગફળીથી છલકાયા પણ ખેડુતો રાતા પાણીએ રડયા : ૫૦૦ રૂપીયાની ખોટ ખાવા બન્યા મજબુર?

પ્રતિનિધિ,ગાંધીનગર

અમરેલી જિલ્લામાં મગફળીનુ વિપુલ ઉત્પાદન થયુ છે, જે ખેડુતો માટે ખુશીના બદલે ચિંતાનુ કારણ બન્યુ છે, સરકારે મગફળીનો ટેકાનો ભાવ ૧૪૫૨ રૂપીયા જાહેર કર્યો છે પરંતુ ખુલ્લા બજારમાં ખેડુતોને માત્ર ૮૦૦ થી ૧૦૦૦ રૂપીયા મળી રહ્યા છે, કમોસમી વરસાદ અને નબળી ગુણવત્તાને કારણે ખેડુતો મણ દીઠ ૫૦૦ થી ૬૦૦ રૂપીયાની ખોટ ખાઈને પણ પોતાની ઉપજ વેચવા મજબુર બન્યા છે, હાલ અમરેલી જિલ્લાના બીજા ક્રમના સૌથી મોટા સાવરકુંડલા માર્કેટીંગ યાર્ડમાં મગફળીની આવક ટોચ પર છે દૈનિક અંદાજે ૩૫ હજાર થી ૫૦ હજાર મણ મગફળી ઠલવાઈ રહી છે, યાર્ડના દ્રશ્યો જોઈએ તો જયા નજર કરો ત્યાં મગફળીના ઢગલા જોવા મળી રહ્યા છે, પરંતુ આ ચિત્રની બીજી બાજુ કડવી છે, ખુલ્લા બજારમાં જાહેર



હરાજી દરમિયાન ખેડુતોને પોષણક્ષમ ભાવ મળી રહ્યા નથી. જેના કારણે ૪ મહિનાની તનતોડ મહેનત પર પાણી ફરી વળ્યુ હોય તેવી સ્થિતિ સર્જાઈ છે. સરકાર દ્વારા ખેડુતોને આર્થિક સુરક્ષા પુરી પાડવા માટે મગફળીના ટેકાના ભાવ (એમએસપી) ૧૪૫૨ રૂપીયા પ્રતિમણ જાહેર કરવામાં આવ્યા છે, પરંતુ ખુલ્લા બજારની હરાજીમાં વેપારીઓ દ્વારા માત્ર ૮૦૦ થી ૧૦૦૦ રૂપીયા સુધીના જ ભાવ બોલવામાં આવી રહ્યા છે.

આ તફાવત એટલો મોટો છે કે ખેડુતને સીધુ ૫૦૦ થી ૬૦૦ રૂપીયાનુ નુકશાન વેઠવુ પડી રહયુ છે, મોઘા ખાતર, બિયારણ અને મજુરીના ખર્ચ સામે આ વળતર ખુબ જ ઓછુ હોવાથી ખેડુતોમાં હતાશા વ્યાપી ગઈ છે, ખેડુતોની મજબુરી પાછળ બે મુખ્ય કારણો જવાબદાર છે, નાણાંની તાત્કાલીક જરૂરીયાત, હાલ લગ્નસરાની સીઝન ચાલી રહી છે અને અન્ય સામાજિક વ્યવહારો માટે ખેડુતોને રોકડ રકમની તાતી જરૂરીયાત છે. સરકારી ખરીદીની પ્રક્રિયામાં સમય લાગતો હોવાથી તેઓ ખોટ ખાઈને પણ ખુલ્લા બજારમાં માલ વેચી રહ્યા છે, કમોસમી વરસાદની અસર, ચાલુ વરસે પડેલા કમોસમી વરસાદે મગફળીની ગુણવત્તાને ભારે નુકશાન પહોચાડયુ છે. માલ બગડી ગયો હોવાથી સરકારી ધારાધોરણો મુજબ તે ટેકાના ભાવે વેચી શકાતો નથી. પરીણામે ખેડુતોએ નીચા ભાવે વેપારીઓને વેચવો પડે છે.

સાવરકુંડલા યાર્ડના સેક્રેટરી મુકેશ ત્રિવેદીના કહેવા પ્રમાણે યાર્ડમાં આવક સારી છે પરંતુ લગ્નસરાને કારણે થોડો ઘટાડો નોંધાયો છે તો બીજી તરફ પીડીત ખેડુતો સરકાર પાસે માંગ કરી રહ્યા છે કે કમોસમી વરસાદને ધ્યાનમાં રાખીને ટેકાના ભાવની ખરીદીના નિયમો માં થોડી છુટછાટ આપવામાં આવે અને ખરીદી પ્રક્રિયા ઝડપી બનાવવામાં આવે , જેથી ધરતીપુત્રોને થતુ આર્થિક નુકશાન અટકાવી શકાય,

### પાક નુકસાની સહાય માટે બોટાદ જિલ્લામાં કુલ ૪૯,૪૬૦ અરજીઓ થઈ

# પાક નુકસાની અંગે અરજી કરવાની છેલ્લી તા. ૨૮-૧૧-૨૫: અરજી કરવા ઈચ્છતા તમામ ખેડૂત મિત્રોને વહેલી તકે અરજી કરવા બોટાદ જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી દ્વારા અનુરોધ

ખેડૂત ખાતેદારોને જણાવવાનું કે, ઓક્ટોબર-૨૦૨૫ના અંતમાં પડેલા વરસાદના કારણે થયેલી નુકસાનીના પગલે સરકારશ્રી દ્વારા કૃષિ રાહત પેકેજ જાહેર કરવામાં આવ્યું છે જે મુજબ,જે ખેડૂતોને પાકમાં નુકસાન થયું હોય તેમણે ઓનલાઈન ફોર્મ ભરાવવાનું તા.૧૪/૧૧/૨૦૨૫, બપોરે ૧૨:૦૦ વાગ્યે થી ૧૫ દિવસ માટે શરૂં થઈ ગયું છે.

બોટાદ જિલ્લામાં પાક નુકસાન સહાય મેળવવા ઈચ્છતા તમામ ખેડૂતોને બોટાદ જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી દ્વારા અંતિમ તા.૨૮-૧૧-૨૫ પહેલા અરજી કરવા અનુરોધ કરવામાં આવ્યો છે. બોટાદ જિલ્લામાં કુલ ૪૯,૪૬૦ અરજીઓ થઈ છે.

ખેડૂતશ્રી એ પોતાના ગામમાં VCE (કોમ્પુટર ઓપરેટર) મારફત જ અરજી કરવાની રહે છે.

અરજી માટે જરૂરી ડોક્યુમેન્ટ- આધાર કાર્ડ, ૭-૧૨,૮-અની નકલ, બેંક પાસબુક, વાવેતરનો દાખલો (તલાટીશ્રી પાસેથી મેળવવાનો રહેશે), સંમતિ પત્ર ( સંયુક્ત ખાતેદારના કિસ્સામાં), અરજી સાથે આ બધા જ ડોક્યુમેન્ટ ખેડૂતમિત્રોને જોડવાના રહેશે (ડોક્યુમેન્ટ વગર ફોર્મ સ્વીકારવામાં નહીં આવે)

ખાસ નોંધઃ એક ખાતામાં એક જ ખેડૂત ફોર્મ ભરી શકશે. સંયુક્ત ખાતેદારોના કિસ્સામાં અન્ય ખાતેદાર ખેડૂતશ્રીઓ એ પોતાની સહમતી આપવાની રહેશે. ખાતેદારના મૃત્યુના કિસ્સામાં વારસદારો તરફથી પેઢીનામું રજુ કરાવવાનું રહેશે. તેમાંથી કોઈપણ એક જ વારસદાર ફોર્મ ભરી શકશે તથા બાકીના વારસદારો તથા અન્ય ખાતેદારોની સહમતિનું સોગંદનામું રજુ કરી અરજી કરી શકશે.સરકારી, સહકારી કે સંસ્થાકીય જમીનધારકોને આ રાહત પેકેજનો લાભ મળવાપાત્ર નથી. ઓનલાઈન ફોર્મ ભરવાની સમય મર્યાદા પુરી થયા બાદ કોઈ પણ ખેડૂતની દલીલ કે ફોર્મ સ્વીકારવામાં આવશે નહીં. તેથી ખેડૂતમિત્રોએ પોતાની અંગત જવાબદારી લઈ ફોર્મ ભરાવવું.

ઉપરોક્ત સૂચનો ખાસ ધ્યાને લેવા બોટાદ જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી દ્વારા તમામ ખેડૂત મિત્રોને અનુરોધ કરવામાં આવે છે.

અહેવાલ લાલજી મેર રાણપુર

# રાજય સભામાં ગુજરાત કોંગ્રેસનો ખેલ ખતમ : ૩૦ વરસ બાદ રાજય સભામાં કોંગ્રેસનુ પ્રતિનિધિત્વ રહેશે નહી

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં સત્તા પરીવર્તન લાવવાની આશા સાથે કોંગ્રેસ પાર્ટીએ જનઆક્રોશ યાત્રા શરૂ કરી છે, આ યાત્રા ૬૦ દિવસ ચાલવાની છે જે દરમિયાન કોંગ્રેસના નેતાઓ વિવિધ જિલ્લાઓમાં જાહેરસભાઓ કરશે અને જાહેર મુદ્દાઓ ઉઠાવશે.

કોંગ્રેસના નેતાનો દાવો છે કે ગુજરાતના લોકો માં ભારે રોષ છે અને ૨૦૨૭ ની વિધાનસભા ચુંટણીમાં ભાજપ સરકારને ઉથલાવી દેવામાં આવશે પરંતુ તે પહેલા ગુજરાત કોંગ્રેસનો રાજય સભામાં ખેલ પુરો થવા જઈ રહ્યો છે, કારણ કે કોંગ્રેસની છેલ્લી બેઠક પણ જોખમમાં છે, ભાજપ એક બાદ એક ગુજરાતમાં રેકોર્ડબ્રેક કરી રહ્યા છે ત્યારે ગુજરાત ભાજપ વધુ એક માઈલસ્ટોન સાબિત કરવા જઈ રહ્યુ છે. ૩૦ વરસ બાદ રાજયસભામાં ગુજરાત કોંગ્રેસનુ પ્રતિનિધિત્વ ઝીરો થવા જઈ રહ્યુ છે. ભાજપની જંગી બહુમતી સામે રાજય સભાની ગુજરાતની તમામ બેઠકો પરથી કોંગ્રેસના સુપડા સાફ થઈ જશે અને ભાજપનો દબદબો જોવા મળશે.




કારણ કે કોંગ્રેસના ધારાસભ્યોનુ શકિતબળ ઘટતા ચુંટણીમાં કોંગ્રેસના શકિતસિંહ ગોહીલ એક માત્ર બાકી બેઠક પણ ગુમાવશે, છેલ્લા ત્રણ દાયકામાં ગુજરાત કોંગ્રેસ સતત સંકોચાઈ રહ્યુ છે, વિધાનસભામાં કોંગ્રેસનુ સંખ્યાબળ ઘટી ગયુ છે. જેટલી જંગી હોવાથી તે તમામ ચાર બેઠકો પર બીનહરીફ જીત મેળવશે, ભાજપની વિધાનસભામાં ૧૬૨ ધારાસભ્યો ની જંગી તાકાતને કારણે કુલ ૧૧ બેઠકો માંથી ૧૦ પર કબ્જો થશે. જેથી શકિતસિહ ગોહિલનુ સ્થાપન પણ જતુ રહેશે. આગામી વરસે રાજય સભાની ૪ બેઠકો માટે ચુંટણી યોજાશે, હાલ ૩ બેઠક ભાજપ પાસે છે જેમાં રામ મોકરીયા, રમીલાબેન બારા અને નરહરી અમીન સામેલ છે. તો ચોથી બેઠક પર ગુજરાત કોંગ્રેસમાંથી શકિતસિહ ગોહિલ છે.

પરંતુ કોંગ્રેસની આ છેલ્લી બેઠક પણ જોખમમાં છે, વિધાનસભામાં કોંગ્રેસના ધારાસભ્યોની સંખ્યા ઘટીને માત્ર ૧૨ થઈ ગઈ હોવાથી, કોંગ્રેસ પક્ષ શકિતસિહ ગોહિલની છેલ્લી બાકી રહેલી રાજયસભાની બેઠક પણ ગુમાવશે. આ ઘટના ગુજરાતના રાજકીય ઈતિહાસમાં પ્રથમ વખત એવો માહોલ સર્જશે. જયારે રાજયમાંથી કોંગ્રસનુ રાજય સભામાં કોઈ પ્રતિનિધિત્વ નહી હોય. હાલમાં ગુજરાતમાંથી રાજય સભાના સભ્યો પૈકી જે પી નડ્ડા અને સુબ્રમણયમ જયશંકર કેન્દ્રીય કેબિનેટનો ભાગ છે.

# બોટાદ જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી દ્વારા ચણાના પાકમાં સંકલિત રોગ-જીવાત વ્યવસ્થાપન માટે વાવણી પહેલાં/ વાવણી સમયે લેવાના પગલાં સૂચવાયા

બોટાદ જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી દ્વારા ચણાના પાકમાં સંકલિત રોગ- જીવાત વ્યવસ્થાપન માટે વાવણી પહેલાં/ વાવણી સમયે લેવાના પગલાં સૂચવાયા છે, જે મુજબ, રોગમુક્ત બિયારણ પસંદ કરવુ, પાકની જુવાર અથવા બાજરી પાક સાથે ફેરબદલી કરવી. લીલી ઈયળ બહુભોજી હોવાથી શેઢા-પાળાનાં નિંદણ તથા અન્ય વનસ્પતિ ઉપર પાકોની ગેરહાજરીમાં નભતી હોય છે. તેથી આવા નિંદણનો નાશ કરવો.ચણાના પાકમાં લીલી ઈયળના નિયંત્રણ માટે ધાણા, રાઈનું આંતર પાક તરીકે વાવેતર કરવું.

ખેતરની ફરતે તેમજ પાકની વચ્ચે પિંજર પાક તરીકે ગલગોટાનું વાવેતર કરવું. મૂળનો કોહવારો રોગના નિયંત્રણ માટે પાક વાવતા પહેલાં દિવેલીનો ખોળ હેકટરે ૧૦૦૦ કિલો પ્રમાણે જમીનમાં આપવો. સુકારો અને મૂળખાઈ રોગના નિયંત્રણ માટે ટ્રાઈકોડર્મા વીરીડી અથવા ટ્રાઈકોડર્મા હરજીએનમ (2×10° સીએફયુ/ ગ્રામ) સંવર્ધિત છાણિયા ખાતરને (૧૦ કિલો જૈવિક નિયંત્રક પ્રતિ ૧ ટન છાણિયા ખાતર) ૧ ટન/ હેકટર પ્રમાણે વાવણી વખતે ચાસમાં આપવું. સ્ટંટ વાયરસના નિયંત્રણ માટે બે હાર વચ્ચે ૩૦ સે.મી. નું અંતર રાખવાથી રોગનું પ્રમાણ ઘટાડી શકાય છે.ચણામાં બીજ માવજત વખતે બીજને જૈવિક રોગ નિયંત્રણ માટે ટ્રાઈકોડર્મા વીરીડી ૪ ગ્રામ પ્રતિ ૧ કિલો બીજ પ્રમાણે બીજ માવજત આપવી અથવા ટાલ્ક આધારિત ટ્રાઈકોડર્મા વીરીડી અથવા ટ્રાઈકોડર્મા હરજીએનમ – ૧% વે.પા.ની ૫૦ ગ્રામ બનાવટને ૨૫૦ મિ.લિ. પાણીમાં પ્રતિ કિલો બીજ પ્રમાણે ભેળવી ૧૦ કલાક બોળી છાંયડામાં સૂકવી વાવણી માટે ઉપયોગમાં લેવા. રાસાયણિક બીજ માવજત માટે થાયરમ કે કાર્બેન્ડાઝીમ દવાનો ૩ ગ્રામ/ કિલો બીજ પ્રમાણે પટ આપવો.

પાકમાં સ્થાનિક રોગ-જીવાતનો વધુ ઉપદ્રવ જણાયેથી ભલામણ કરેલ રાસાયણિક જંતુનાશક/ફૂગનાશક દવાઓનો જરૂરીયાત તેમજ ભલામણ મુજબ ઉપયોગ કરવો. વધુમાં, જંતુનાશક દવાના વપરાશ વખતે દવા ઉપર આપવામાં આવેલ લેબલ મુજબ જે તે પાક માટે અને જે તે રોગ/ જીવાત માટેની દવાનો ઉપયોગ ભલામણ મુજબ સંકલિત જીવાત વ્યવસ્થાપનના ભાગરૂપે તબક્કાવાર અનુસરવા જણાવવામાં આવે છે. આ અંગે વધુ જાણકારી આપના વિસ્તારના ગ્રામસેવક / વિસ્તરણ અધિકારી/ ખેતી અધિકારી/ મદદનીશ ખેતી નિયામક/ જિલ્લા ખેતીવાડી અધિકારી/ નાયબ ખેતી નિયામક(વિસ્તરણ)/ નાયબ ખેતી નિયામક(તાલીમ) નો સંપર્ક કરવો.

(માહિતી સંદર્ભઃ સરદાર કૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સીટી અને આણંદ કૃષિ યુનિવર્સીટી)

અહેવાલ લાલજી મેર રાણપુર

### ૫ દિવસ બાદ કબરમાંથી લાશ બહાર કઢાઈ

# વડોદરામાં મિત્ર સાથે મળી પત્નીએ કરી પતિની હત્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)વડોદરા

વડોદરાના તાંદલજા વિસ્તારમાં એક અત્યંત ચોંકાવનારી અને સનસનીખેજ ઘટના સામે આવી છે. પત્નીએ પોતાના મુંબઈ સ્થિત મિત્ર સાથે મળીને પતિનું કાસળ કાઢી નાખ્યું હતું. એટલું જ નહીં, તેણે પતિને સામાન્ય મોતમાં ખપાવીને દફનાવી પણ દીધો હતો. જોકે , પાપ છાપરે ચડીને પોકારે તેમ મૃતકના પરિવારને શંકા જતા આખરે ૫ દિવસ બાદ કબર ખોદીને મૃતદેહ બહાર કાઢવાની ફરજ પડી હતી.પ્રાપ્ત માહિતી અનુસાર તાંદલજામાં રહેતી ૩૦ વર્ષીય ગુલ બાનુએ પોતાના મુંબઈ સ્થિત મિત્ર તોસિફ સાથે મળીને પતિની હત્યાનું ઠંડા કલેજે ષડયંત્ર રચ્યું હતું.

આરોપ છે કે, ગત ૧૮ નવેમ્બરની રાત્રે પત્નીએ પહેલા પતિને ઊંઘની ગોળીઓ આપી દીધી હતી. ત્યારબાદ રાત્રે ૧૨થી ૧ વાગ્યાના સુમારે બેભાન અવસ્થામાં રહેલા પતિનું ગળું દબાવીને હત્યા કરી નાખવામાં આવી હતી.પરિવારને અંધારામાં રાખી દફનવિધિ કરી હત્યા કર્યા બાદ આરોપી પત્નીએ આ ઘટનાને આકસ્મિક મોત તરીકે ખપાવી દીધી હતી. પરિવારજનોને પણ કલ્પના ન હતી કે ઘરમાં જ હત્યારો છે, તેથી ૧૯મી તારીખે પતિનું કુદરતી મોત સમજીને તેની દફનવિધિ કરી દેવામાં આવી હતી.દફનવિધિ બાદ મૃતકના પરિવારજનોને શંકા જતા તેમણે તપાસ શરૂ કરી હતી. આ દરમિયાન પરિવારના હાથમાં મૃતકનો મોબાઈલ અને કોલ ડિટેલ્સ આવતા મોટો ઘટસ્ફોટ થયો હતો. તપાસમાં સામે આવ્યું કે ગુલ બાનુ એક ચોક્કસ નંબર (તોસિફ) પર વારંવાર વાતચીત કરતી હતી. આ શંકાના આધારે પરિવારે પોલીસનો સંપર્ક કર્યો હતો. સમગ્ર મામલે પોલીસ ફરિયાદ નોંધાતા પોલીસે તાત્કાલિક કાર્યવાહી હાથ ધરી હતી.

# અમદાવાદ ઈન્ટરનેશનલ બુક ફેસ્ટિવલ ૨૦૨૫: ૧૧ દિવસમાં ૮.૨૧ લાખથી વધુ પુસ્તક પ્રેમીઓએ મુલાકાત લીધી

સાબરમતી રિવરફ્રન્ટ ઈવેન્ટ સેન્ટર ખાતે ૧૩ થી ૨૩ નવેમ્બર સુધી યોજાયેલ અમદાવાદ ઈન્ટરનેશનલ બુક ફેસ્ટિવલ ૨૦૨૫એ આ વખતે લોકપ્રિયતાનો નવો ઈતિહાસ રચ્યો છે. 'વાંચે ગુજરાત ૨.૦' અભિયાન સાથે જોડાયેલ આ ૧૧-દિવસીય મહોત્સવમાં કુલ ૮.૨૧ લાખથી વધુ મુલાકાતીઓએ હાજરી આપી, જેને કારણે આ સાહિત્યિક મહોત્સવ રાજ્યમાં જ નહીં પરંતુ રાષ્ટ્રીય સ્તરે પણ સૌથી વધુ મુલાકાતીઓ ધરાવતું બુક ફેસ્ટિવલ બની ગયો છે. અમદાવાદ ઈન્ટરનેશનલ બુક ફેસ્ટિવલનું ૧૩ નવેમ્બરે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ અને કેન્દ્રીય શિક્ષણ મંત્રી શ્રી ધર્મેન્દ્ર પ્રધાનના હસ્તે ઉદ્ઘાટન થયું હતું. વંદે માતરમના સમૂહગાન અને સ્વદેશી પ્રચાર પ્રતિજ્ઞાથી શરૂ થયેલા આ કાર્યક્રમમાં સરદાર વલ્લભભાઈ પટેલને સમર્પિત 'બેરિસ્ટર મિસ્ટર પટેલ' સહિત અનેક પુસ્તકોનું લોન્ચિંગ પણ થયું હતું. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન, નેશનલ બુક ટ્રસ્ટ ઓફ ઈન્ડિયા અને કેન્દ્રીય શિક્ષણ મંત્રાલય દ્વારા લગભગ ૧ લાખ સ્ક્વેર ફૂટ વિસ્તારમાં તૈયાર કરાયેલ આ મહોત્સવમાં ૩૦૦થી વધુ પ્રકાશકોએ ભાગ લીધો હતો. શહેરના દરેક વય જૂથ માટે ત્રણ વિશિષ્ટ ઝોન બનાવવામાં આવ્યા હતા, જેમાં બાળ સાહિત્ય, સર્જનાત્મક સત્રો, કાવ્ય-વાચન, લેખકો સાથેની ચર્ચાઓ, વર્કશોપ્સ અને ફિલ્મ ફેસ્ટિવલ જેવી પ્રવૃત્તિઓ સતત પ્રેક્ષકોને આકર્ષિત કરતી રહી હતી. આ બુક ફેસ્ટિવલમાં બાળકોના વર્કશોપ્સ, વાર્તાવાચન કાર્યક્રમો, કલા-હસ્તકલા, ચિલ્ડ્રન ફિલ્મ ફેસ્ટિવલે વિશેષ લોકપ્રિયતા મેળવી હતી. સ્કૂલ બોર્ડના શતાબ્દી મહોત્સવના ભાગરૂપે યોજાયેલી વિવિધ સ્પર્ધાઓમાં હજારો વિદ્યાર્થીઓને ઈનામો આપી તેમને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

યુવાનો માટેના 'જ્ઞાન ગંગા' વર્કશોપ્સે પણ મહોત્સવની ધમાકેદાર સફળતામાં મોટો ફાળો આપ્યો હતો. કાવ્ય લેખન, નાટક, ફિલ્મ સ્ક્રિપ્ટિંગ અને બુક ડિઝાઈન સહિતના સર્જનાત્મક વર્કશોપ્સ અને વિવિધ બુક લોન્ચ સત્રોએ વિદ્યાર્થીઓ, લેખકો અને સર્જકોને એકસાથે લાવ્યા હતા.

આ ઉપરાંત વિદેશી વક્તાઓની હાજરીએ મહોત્સવને વૈશ્વિક સ્પર્શ આપ્યો હતો. ચિલે, સ્પેન, ઈંગ્લેન્ડ અને દક્ષિણ આફ્રિકામાંથી આવેલા વિચારકોએ ભારતીય સાહિત્ય અને સંસ્કૃતિ સાથે સંબંધિત વિષયો પર વિશેષ સત્રો લીધા હતા. એટલું જ નહીં મેઈન સ્ટેજ પર દરરોજ યોજાયેલા સાંસ્કૃતિક કાર્યક્રમોએ સમગ્ર મહોત્સવને જીવંત રાખ્યો હતો.

આ મહોત્સવનું આયોજન સુવ્યવસ્થિતતા અને સુવિધાઓને કારણે પણ ખૂબ વખાણાયુ હતું. સ્વચ્છ કેમ્પસ, વિશાળ ફૂડ કોર્ટ, સ્ટાર્ટઅપ ઝોન, વીઆર ગેમિંગનું અનોખું સ્ટેમ્પ પ્રદર્શન અને વાંચન માટે અનુકૂળ વાતાવરણના કારણે અનેક પરિવારોને અહીં લાંબા સમય સુધી સમય વિતાવવાનો આનંદ મળ્યો હતો. આમ, આયોજકોએ કરેલી મહેનતને સ્મરણિય સફળતા મળતાં અમદાવાદ ઈન્ટરનેશનલ બુક ફેસ્ટિવલ ૨૦૨૫ને 'જ્ઞાનનો મહાકુંભ' તરીકે ઓળખ મળી છે.

# ગાંધીનગર જીએમઈઆરએસ મેડીકલ હોસ્ટેલમાં ફરી રેગીંગની ઘટના બહાર આવી : ૧૪ વિદ્યાર્થીને કરાયા સસ્પેન્ડ

પ્રતિનિધિ,ગાંધીનગર

ગાંધીનગર ની જીએમઈઆરએસ મેડીકલ બોયઝ હોસ્ટેલમાં રેગીંગનો એક ગંભીર બનાવ બનવા પામ્યો છે. જેના પગલે ૧૪ સીનીયર વિદ્યાર્થીઓ સામે કડક કાર્યવાહી કરવામાં આવી છે, આ વિદ્યાર્થીઓને હોસ્ટેલમાંથી સસ્પેન્ડ કરવામાં આવ્યા છે અને તેમના વાલીઓને પણ આ બાબતની જાણ કરવામાં આવી છે, આ ઘટનાએ ફરી એકવાર શૈક્ષણિક સંસ્થાઓમાં રેગીંગના દુષણ અને તેના નિવારણ માટેના પગલાની આવશ્યકતા પર ભાર મુકયો છે,




મળતી માહિતી અનુસાર સીનીયર વિદ્યાર્થીઓએ પ્રથમ વર્ષના નવા વિદ્યાર્થીઓને ફકત ઈન્ટ્રોડકશન આપવાના બહાને બોલાવ્યા હતા, શરૂઆતમાં વિદ્યાર્થીઓને એવુ કહેવામાં આવ્યુ હતુ કે સીનીયર વિદ્યાર્થીઓ સાથે પરીચય થશે જે તેમના અભ્યાસમાં મદદરૂપ થશે. જો કે પરીસ્થિતિ સાવ વિપરીત બની હતી, સીનીયર વિદ્યાર્થીઓએ પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓ સાથે પરાણે હસી મજાક કરી અને તેમને માનસિક રીતે ટોર્ચર કર્યા હતા.

આ સમગ્ર ઘટનાની જાણ સત્તાધીશો સુધી પહોચતા તેમણે તાત્કાલીક તપાસ હાથ ધરી હતી. પુછપરછ અને ઈન્વેસ્ટિગેશન બાદ રેગીંગની હકીકત સામે આવતા ૧૪ સીનીયર વિદ્યાર્થીઓ દ્વારા આ પ્રકારનુ કૃત્ય કરવામાં આવ્યુ હોવાનુ જણાયુ હતું. આ કાર્યવાહીના ભાગરૂપે રેગીંગ કરનારા ૧૪ સીનીયર વિદ્યાર્થીઓને હોસ્ટેલમાંથી સસ્પેન્ડ કરવામાં આવ્યા છે જેમાં બીજા વર્ષના વિદ્યાર્થીઓને ૬ મહિના માટે અને ત્રીજા વર્ષના બે વર્ષ માટે હોસ્ટેલમાંથી સસ્પેન્ડ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ કડક પગલુ નવા વિદ્યાર્થીઓને ભયમુકત વાતાવરણ પુરૂ પાડવાના ઉદેશથી લેવામાં આવ્યુ છે. રેગીંગ એ ગંભીર ગુન્હો છે, જે યુનિર્વસિટી ગ્રાન્ટ્સ કમિશન (યુજીસી) દ્વારા અત્યંત ગંભીરતાથી લેવાય છે, યુજીસી દ્વારા આ માટે ખુબ જ કડક નિયમો બનાવવામાં આવ્યા છે જેમાં એન્ટી રેગીંગ કમિટીની રચના અને નવા વિદ્યાર્થીઓના કાઉન્સેલિંગનો સમાવેશ થાય છે. આ કમિટીનો મુખ્ય ઉદ્દેશ વિદ્યાર્થીઓને કોઈપણ ડર કે તણાવ વગર અભ્યાસ કરી શકે તેવુ વાતાવરણ પુરૂ પાડવાનો છે. ભુતકાળમાં રેગીંગના કારણે ઘણા વિદ્યાર્થીઓએ જીવ ગુમાવ્યા હોવાના કિસ્સાઓ પણ બનવા પામ્યા છે. જેના કારણે આ મુદ્દો વધુ સંવેદનશીલ બન્યો છે. આવી ઘટનાઓ કાયદા અને નિયમો હોવા છતાં અટકતી નથી કે આશ્ચર્યજનક બાબત છે, આ સ્થિતિમાં સત્તાધીશોની જવાબદારી વધી જાય છે કે એન્ટી રેગીંગ કમિટીઓ એડમીશન પ્રકીયા શરૂ થાય ત્યારથી જ સક્રિય બને અને તમામ વિદ્યાર્થીઓ સુધી રેગીંગ વિરોધી નિયમો અને માહિતી પહોચાડે, નવા વિદ્યાર્થીઓને કોઈપણ પ્રકારના માનસિક ત્રાસનો ભોગ ન બનવુ પડે અને તેઓ સુરક્ષિત રીતે પોતાનુ શિક્ષણ પુર્ણ કરી શકે તે સુનિશ્ચિત કરવુ અત્યંત આવશ્યક છે. આ ઘટના જીએમઈઆરએસ મેડીકલ કોલેજ માટે એક દાખલારૂપ કહી શકાય તેવી કાર્યવાહી કરી છે.

# રાજપીપળા ખાતે બીએલઓની કામગીરી પ્રશ્ને મંત્રી ઈશ્વરસિંહ પટેલે કહ્યુ કામ તો કરવુ જ પડશે

પ્રતિનિધિ,ગાંધીનગર - તસવીર યુનુસ મેમણ

નર્મદા જિલ્લાના જિલ્લા કલેકટર કચેરી ખાતે રાજય કક્ષાના પાણીપુરવઠા અને જળસંપત્તિ મંત્રી અને નર્મદા જિલ્લાના પ્રભારી મંત્રી ઈશ્વરસિંહ પટેલની અધ્યક્ષતામાં મીટીંગ મળી હતી. જેમાં જિલ્લા કલેકટર તેમજ જિલ્લાના તમામ ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. ઉપરાંત ધારાસભ્ય ડો. દર્શના દેશમુખ જિલ્લા પંચાયત પ્રમુખ સહિતના હોદ્દેદારો પણ ઉપસ્થિત રહ્યા હતા ત્યારે આ કાર્યક્રમની અંદર આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ચૈતર વસાવા દ્વારા અનેક મુદ્દાઓ ઉઠાવવામાં આવ્યા હતા અને જંગલના રસ્તાઓને બાબતે તો મુદ્દો ઉઠાવ્યો હતો સાથે સાથે કામગીરી એટલે બીએલઓ શિક્ષકો અને તેમને જે કામગીરી કરવી પડે છે જે બાબતે પણ તેઓએ સવાલ ઉઠાવ્યો હતો. ત્યારે મંત્રીએ પણ આ બાબતે ખાસ સ્પષ્ટતા કરી હતી કે ૬ મહિના સુધી વરસાદ પડવાના કારણે રસ્તાઓ ડેમેજ થયા હતા, રીપેરીંગ વહેલી તકે કરાઈ રહ્યુ છે અને મંત્રીએ તો એવુ પણ કહી દીધુ કે જે બીએલઓની કામગીરી છે એ તો એમની ફરજ છે કે કામ તો કરવુ જ પડશે, મંત્રીએ કહ્યુ કે ધીમી ગતિએ કામ ચાલે છે, કામગીરી દરેકે કરવી પડતી હોય છે અને ૭ ફેબ્રુઆરી સુધીમાં મતદાર યાદી બહાર પાડવાની છે જે વહેલી તકે કરવુ પડશે. જયારે ચૈતર વસાવાએ રજુઆત કરી હતી કે મનરેગાની કામગીરી શરૂ થાય તેમજ અન્ય રોડ રસ્તાઓ અને બસો માટે રસ્તાઓ બંધ છે જે શરૂ કરાય તેમજ ચૈતર વસાવાએ રજુઆત કરી હતી કે બીએલઓની કામગીરી ની જે રજુઆત છે જે બાબતે તેઓની વાત સાંભળવામાં આવે તેવુ પણ તેમણે કહ્યુ હતું.



# ગુજરાત પોલીસમાં ડીજીપી કમેન્ડેશન ડીસ્ક ૨૦૨૪ જાહેર: કુલ ૧૧૦ અધિકારીઓનુ આવતી કાલે થશે સન્માન

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત પોલીસ એવોર્ડસ અંતર્ગત વર્ષ ૨૦૨૪ દરમિયાન ઉત્તમ કામગીરી કરનાર કુલ ૧૧૦ પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓને ડીજીપી કમેન્ડેશન ડીસ્ક આપવા રાજય સરકારે નિર્ણય લીધો છે, આ પુરસ્કાર આવતી કાલે ૨૫ નવેમ્બરે ગાંધીનગર ખાતે યોજાનારા સમારંભમાં આપવામાં આવશે, આ યાદીમાં ૧૭ આઈપીએસ, ૧૦ ડીવાયએસપી તેમજ પીઆઈ, પીએસઆઈ સહિતના વિવિધ પદના અધિકારીઓનો સમાવેશ થાય છે. યાદીમાં સૌપ્રથમ નામ ૧૯૯૩ બેચના આઈપીએસ અને હાલના અમદાવાદ પોલીસ કમિશ્નર જીએસ મલીક નુ છે, ગાંધીનગર, અમદાવાદ, સુરત, કચ્છ, ભાવનગર, છોટા ઉદેપુર સહિતના જિલ્લાઓમાંથી અધિકારીઓની પસંદગી કરવામાં આવી છે. પૂર્વ કચ્છના એસપી સગર બાગમાર અને છોટા ઉદેપુર ના એસ પી ઈમ્તિયાજ શેખ સહિતના યુવા અધિકારીઓનુ પણ નામ સમાવેશમાં આવ્યુ છે, આ સન્માન રાજય પોલીસ તંત્રમાં પ્રતિષ્ઠિત માનવામાં આવે છે. સન્માનિત થનારા અધિકારીઓ અને કર્મચારીઓના પરીવારજનો પણ કાર્યક્રમમાં હાજરી આપશે.



# વડોદરામાં એક અઠવાડિયામાં શ્વાન કરડવાના ૫૫ કેસ નોંધાયા

(સંપૂર્ણ સમાચાર સેવા)વડોદરા

વડોદરામાં રખડતાં શ્વાનોનો ત્રાસ દિવસેને દિવસે વધી રહ્યો છે. પાછલા ત્રણ દિવસમાં વડોદરા શહેર અને જિલ્લામાં શ્વાન કરડવાના ૫૫ જેટલા કેસ નોંધાયા છે. તાજેતરમાં સુપ્રીમ કોર્ટે દેશમાં શ્વાનના કારણે મનુષ્યોને થતાં નુકસાન અંગે ચિંતા વ્યક્ત કરી તાત્કાલિક ધોરણે અંકુશ લાવવા રાજ્ય સરકારોને આદેશ કર્યા છે. પરંતુ તેમ છતાં શ્વાન કરડવાના બનાવો રોકવામાં વહીવટી તંત્ર ઊણુ ઉતર્યું છે. વડોદરાની એસએસજી હોસ્પિટલમાં નોંધાયેલા આંકડા એ દર્શાવે છે કે લોકો શ્વાનના હુમલાનો ભોગ બની રહ્યા છે.

વડોદરા શહેરમાં હાલ દૈનિક સરેરાશ ૨૩ લોકોને રખડતાં શ્વાન કરડવાનાં બનાવો બની રહ્યાં છે. ત્યારે મહાનગર પાલિકાના અધિકારીઓનો દાવો છે કે અમારા ચોપડે આટલા બધા કેસો નોંધાયા નથી. ઘણીવાર રસીના એક કરતા વધુ ડોજ લેવાના કારણે કેસની સંખ્યા વધુ લાગે છે. પરંતુ પાલિકા શ્વાનનો ત્રાસ દૂર કરવા માટે સતત પ્રયત્નશીલ છે. આગામી બે મહિનામાં શહેરમાં રખડતા ૪૦ હજાર શ્વાનનું રસીકરણ કરાશે.

# આપ નુ મંત્રી મંડળ કયારે કામ કરશે ? બીએલઓ શિક્ષકોના મોત મામલે મનીષ દોશીના ભાજપ સરકાર પર આકરા પ્રહાર

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં બુથ લેવલ ઓફીસર (બીએલઓ) તરીકેની કામગીરી દરમિયાન શિક્ષકોના મોત નિપજાવવાના રાજય કક્ષાના મંત્રી ઈશ્વરભાઈ પટેલ તથા શહેર પ્રમુખ પ્રેરક શાહના સંવેદનહિન નિવેદનો મુદ્દે ગુજરાત કોંગ્રેસના પ્રવકતા મનીષ દોશીએ આક્રોશ વ્યકત કરી તેમણે ભાજપ સરકાર પર શિક્ષક સમુદાયના જખમ પર નમક ચોળવાનો આક્ષેપ કર્યો છે.




મનીષ દોશીએ જણાવ્યુ હતુ કે કેન્દ્રીય ચુંટણીપંચ દ્વારા શિક્ષકોને સોંપવામાં આવેલી બીએલઓની કામગીરીને પધ્ધતિને કારણે શિક્ષકો હેરાન થઈ રહ્યા છે. તેમણે વધુમાં કહ્યુ કે ગુજરાતમાં ૯૦ ટકા શિક્ષકોને બીએલઓની જવાબદારી સોંપવામાં આવી છે જયારે અન્ય ૧૨ રાજયોમાં આ કામગીરી ચાલી રહી છે. કોંગ્રેસના પ્રવકતાએ માહિતી આપતા કહ્યુ હતુ કે છેલ્લા ૪ દિવસમાં ૪ બીએલઓના મોત નિપજયા છે તેમણે દાવો કર્યો કે અવ્યવસ્થા અને કામ થોપી દેવાની પધ્ધતિથી શિક્ષકો પીડાઈ રહ્યા છે.

મંત્રી ઈશ્વર પટેલ અને શહેર પ્રમુખ પ્રેરક શાહના નિવેદનો પર પ્રતિક્રિયા આપતા મનીષ દોશીએ કહ્યુ હતુ કે રાજય કક્ષાના મંત્રીએ અસંવેદનશીલ નિવેદન આપ્યુ છે. જે શિક્ષણ સમુદાયના જખમ પર નમક ચોંટાળે છે. તેમણે ભાજપના નેતાઓને આડે હાથ લેતા સવાલ કર્યો હતો કે આપશ્રી અને આપનુ મંત્રી મંડળ કયારે કામ કરશે ?

મનીષ દોશીએ કોંગ્રેસ પક્ષ વતી રાજય સરકાર સમક્ષ માંગણીઓ મુકત જણાવ્યુ હતુ કે જે બીએલઓ ના મોત થયા છે તેમના પરીવારને સહાય આપવામાં આવે, શિક્ષકોને સપોર્ટ સ્ટાફ આપવામાં આવે, વ્યવસ્થાને મજબુત કરવા માટે બીએલઓની કામગીરી સરળ બનાવવામાં આવે, અંતમાં તેમણે સત્તાધારી ભાજપ પક્ષને ચેતવણી આપતા કહ્યુ હતુ કે શિક્ષક સમુદાયને મદદ ન કરી શકો તો કંઈ નહી પરંતુ તેમના જખમ પર નમક ન ચોંટાળો, તેમણે ભાજપના નેતાઓને રાજયના હિત માટે કામ કરવા પર ધ્યાન આપવા જણાવ્યુ હતું.

# ગેનીબેનના ભાજપ સરકાર પર આકરા પ્રહારો : પોલીસ ધારે તો ૧૨ કલાકમાં દારૂ બંધ કરાવી શકે પણ હપ્તારાજ અને ઉપરથી ટાર્ગેટ અપાય છે

પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ

બનાસકાંઠા જિલ્લાના ધાનેરા ખાતે આયોજીત કાર્યક્રમમાં બોલતા સાંસદ ગેનીબેન ઠાકોરે ફરી એકવાર રાજયની દારૂબંધીના કાયદાના અમલને લઈને પોલીસની નીતિ પર સીધો પ્રહાર કર્યો હતો, તેમણે સ્પષ્ટપણે જણાવ્યુ હતુ કે ગુજરાતની પોલીસ ધારે તો ૧૨ કલાકમાં દારૂ બંધ કરાવી શકે છે પણ તેમના હાથ બંધાયેલા છે,




સાંસદ ગેનીબેન ઠાકોરે પોલીસ વિભાગમાં ચાલી રહેલા કથિત ભ્રષ્ટાચાર પર ધ્યાન દોરતા ગંભીર આક્ષેપો કર્યા હતા. તેમણે કહ્યુ હતુ કે અહીં હપ્તારાજ ચાલે છે ઉપરથી દબાણ ચાલે છે અને હવે તો ઉપરથી ટાર્ગેટ આપવામાં આવે છે, આ આક્ષેપો સુચવે છે કે રાજયમાં દારૂબંધી માત્ર કાગળ પર છે, વધુમાં ગેનીબેને કટાક્ષ કરતા કહ્યુ હતુ કે જે પોલીસ વિભાગમાં વધુ દારૂ વેચે તેમને અભિનંદન અપાય છે, સાંસદ ગેનીબેન ઠાકોરના મતે આ સ્થિતિને કારણે ગુજરાત અને ખાસ કરીને ધાનેરા વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ કથળેલી હોવાની વાત કરી હતી, તેમણે સરકાર પર નિષ્ફળતાનો આરોપ મુકતા કહ્યુ હતુ કે જો પોલીસને મુકતપણે અને ઈમાનદારીથી કામ કરવા દેવામાં આવે તો રાજયમાં દારૂબંધીનો કાયદો અસરકારક રીતે લાગુ થઈ શકે તેમ છે. કોંગ્રેસની આ જનઆક્રોશ યાત્રાનો મુખ્ય ઉદેશ રાજયમાં પ્રર્વતમાન કથળેલી કાયદો વ્યવસ્થા, મોંઘવારી અને ભ્રષ્ટાચાર જેવા મુદ્દાઓ પર લોકોનો અવાજ બનીને સરકારનું ધ્યાન દોરવાનો છે, ગેનીબેન ઠાકોરના આ આકરા નિવેદનોએ રાજયના પોલીસ તંત્ર અને સરકારની કામગીરી પર એક મોટો સવાલ ઉભો કર્યો છે.

# અમદાવાદ શહેરમાં ૧૦૦ થી વધુ સીસીટીવી કેમેરા બંધ હાલતમાં: ૪૫૭માંથી ૩૫૦ કેમેરા ચાલુ

પ્રતિનિધિ,ગાંધીનગર

શહેરની સુરક્ષા વ્યવસ્થાને આધુનિક બનાવવા માટે હાથ ધરાયેલી સીસીટીવી લગાડવાની પ્રક્રિયા અંતિમ તબકકામાં છે, અમદાવાદ ટ્રાફીક પોલીસ, શહેર પોલીસ અને કોર્પોરેશન વચ્ચે બ્રીજ પર સીસીટીવી લગાડવાની બાબત પર ભાર મુકાયો હતો, ત્યારબાદ ૭૦ બ્રીજ પર સીસીટીવી કેમેરા સ્થાપિત કરવાની કામગીરી હાથ ધરવામાં આવી છે, હાલના તબકકે ૭૦ માં થી ૬૭ બ્રીજ પર કેમેરાનુ ઈન્સ્ટોલેશન કરી દેવાયુ છે,



પરંતુ કુલ ૪૫૭ સીસીટીવી કેમેરામાંથી ૩૫૦ જ કેમેરા ચાલુ હાલતમાં છે જયારે ૮૭ કેમેરા વિવિધ કારણોસર બંધ હાલતમાં છે અને ૨૦ કેમેરા મેન્ટેનન્સ માં હોવાની માહિતી પ્રાપ્ત થઈ છે, શહેરમાં બનતા બનાવો બાદ ગુન્હેગારો સુધી પહોચવાનુ એક મોટુ સાધન સીસીટીવી કેમેરા છે, કેમેરા થકી ગુન્હેગારોને ટ્રેક કરીને પોલીસ જે તે ગુન્હાનો ભેદ ઉકેલવામાં સફળ સાબિત થાય છે, જેથી શહેરની સુરક્ષા વ્યવસ્થાને આધુનિક બનાવવા માટે શહેરના ખુણેખુણે સીસીટીવી કેમેરા લગાડવાની કામગીરી હાથ ધરાઈ છે. જેમાં શહેરના ૭૦ જેટલા બ્રીજ પર સીસીટીવી કેમેરા લગાડવાની પ્રક્રિયા હાથ ધરાઈ છે, હાલના તબકકે શહેરના કુલ ૭૦ બ્રીજ પર સીસીટીવી કેમેરા લગાડવાની કામગીરી હેઠળ અત્યાર સુધીમાં ૬૭ બ્રીજ પર કેમેરા લગાવાઈ ચુકયા છે, જયારે બાકી રહેલા ૩ સ્થળે કામગીરી ચાલુ છે. વધતી ટ્રાફીક સમસ્યા, અકસ્માતોના બનાવો કે શહેરમાં બનતા અન્ય ગુન્હાઓમાં ગુન્હેગારો સુધી પહોચવા માટે કોર્પોરેશન દ્વારા આ કામગીરી હાથ ધરવામાં આવી છે. બ્રીજ પર લાગેલા કુલ ૪૫૭ સીસીટીવી કેમેરામાંથી હાલમાં ૩૫૦ કેમેરા સંપૂર્ણ રીતે કાર્યરત છે અને સતત મોનીટરીંગ કરવામાં આવી રહ્યુ છે.

પરંતુ ૮૭ કેમેરા હાલ બંધ હાલતમાં છે ઉપરાંત ૨૦ કેમેરા મેઈન્ટેનન્સ હેઠળ છે આ કેમેરા દ્વારા શહેરમાં ટ્રાફીક વ્યવસ્થાપન, ગુન્હાની સામે નિયંત્રણ જાહેર સુરક્ષામાં મહત્વપૂર્ણ વધારો થશે. શહેરના સારંગપુર બ્રીજ પર લગાવેલા ૬ કેમેરાનુ મેઈન્ટેનન્સ ચાલુ છે જયારે વટવા રેલ્વે ઓવરબ્રીજ પાસે બુલેટટ્રેનનુ કામ ચાલતુ હોવાથી ૯ કેમેરા ડાઉન છે, તો અર્જુન આશ્રમ રેલ્વે અંડરપાસ, સોલા રેલ્વે ઓવરબ્રીજ, નરોડા જીઆઈડીસી રેલ્વે ઓવરબ્રીજ, પ્રબોધ રાવળ બ્રીજ, રાજેન્દ્રપાર્ક ફલાય ઓવર, ઈન્કમટેક્ષ પાસેનો અંડરપાસ, શ્રેયેસ ઓવરબ્રીજ ખાતે લગાગેલા કેમેરા બંધ હાલતમાં છે જયારે શાહીબાગ રેલ્વે અંડરપાસ, ગોતા વંદે માતરમ્ રેલ્વે ક્રોસીંગ અને કેડીલા બ્રીજ પર કેમેરા લગાવવાનુ કામ ચાલુ હોવાની માહિતી પ્રાપ્ત થઈ હતી.

# સ્થાનિક સ્વરાજયની ચુંટણીમાં ૨૭ ટકા ઓબીસી અનામત મામલે ગુજરાત હાઈકોર્ટમાં અરજી: આગામી સુનાવણી ૨૮ નવે.

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજયની ચુંટણીની તડામાર તૈયારીઓ ચાલી રહી છે ત્યારે ગુજરાતમાં થનારી સ્થાનિક સ્વરાજયની ચુંટણીમાં ૨૭ ટકા ઓબીસી અનામતને ગુજરાત હાઈકોર્ટમાં પડકારવમાં આવી છે, મહેસાણાના એક અરજદારે ગુજરાત હાઈકોર્ટમાં આ મામલે એક જાહેરહીતની અરજી દાખલ કરી છે, હાઈકોર્ટમાં થયેલી આ અરજીમાં જણાવવામાં આવ્યુ છે કે રાજય સરકારે ગુજરાત લોકલ ઓથોરીટી એમેન્ટમેન્ટ એકટ ૨૦૨૩ લાવીને સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓમાં ઓબીસી અનામતમાં વધારો કર્યો છે.



પરંતુ અધર બેકવર્ડ કલાસની વ્યાખ્યા સરકારી નોકરીઓમાં અનામત હોય છે, તેમ રાજકીય રીપ્રેઝન્ટેશન માં થઈ શકે નહી, આ મુદ્દે ગુજરાત હાઈકોર્ટમાં સુનાવણી હાથ ધરવામાં આવી હતી આ મામલે ગુજરાત હાઈકોર્ટમાં મહેસાણાથી અરજદાર પથુજી ઠાકોરે એડવોકેટ મારફતે જાહેરહીતની અરજી દાખલ કરી છે. મહેસાણાના અરજદાર દ્વારા કરવામાં આવેલી આ અરજી સંદર્ભે રાજય સરકારે હાઈકોર્ટમાં સોગંદનામુ રજુ કર્યુ હતું. પથુજી ઠાકોર પોતે એક નિવૃત્ત પ્રિન્સિપાલ છે, અને ઓબીસી વર્ગમાંથી આવે છે તેમણે અરજીમાં જણાવ્યુ છે કે રાજય સરકારે ગુજરાત લોકલ ઓથોરીટી એમેન્ટમેન્ટ ૨૦૨૩ લાવીને રાજયમાં જિલ્લા / તાલુકા / ગ્રામ પંચાયત અને લોકલ બોડીઝની અન્ય ચુંટણીઓમાં ઓબીસી અનામત ૧૦ ટકા થી વધારીને ૨૭ ટકા કર્યુ છે જેથી ખરેખર અધર બેકવર્ડ કલાસની વ્યાખ્યા સરકારી નોકરીઓમાં અનામતની જેમ પોલીટીકલ રીપ્રેઝન્ટેશન માં કરી શકાય નહી.

આ અરજીના સંદર્ભમાં હાઈકોર્ટમાં રાજય સરકારે એફીડેવીટ ફાઈલ કર્યુ હતુ જે મુજબ તેઓ જસ્ટીસ ઝવેરી કમિશન રીપોર્ટને અનુસર્યા નથી જેથી ગ્રાહ્ય રાખવામાં આવે, આ મામલે સરકારી વકીલે જણાવ્યુ હતુ કે આ કેસમાં સરકારવતી જનરલ દલીલો કરશે જેથી સમય આપવામાં આવે, તમામ દલીલો બાદ ગુજરાત હાઈકોર્ટે આ મામલે મુદત આપી અને આ મામલે વધુ સુનાવણી ૨૮ નવેમ્બરે કરવામાં આવશે. આ કેસમાં બે અરજદારે જણાવ્યુ હતુ કે સુપ્રિમ કોર્ટના ચુકાદા મુજબ જે તે વિસ્તારમાં વસ્તીના આધારે ઓબીસીને બેઠકો ફાળવવી જોઈએ અને જો તે વિસ્તારમાં ઓબીસી ની સંખ્યા વધુ હોય તો ૫૦ ટકા થી અનામત વધે નહી તે રીતે પણ બેઠકો ફાળવી શકાય અને ઓછી સંખ્યા હોય તો ઓછી બેઠકો ફાળવવી જોઈએ.

આ મામલે તેમણે જણાવ્યુ હતુ કે બેકવર્ડ કલાસમાં પોલીટીકલ રીપ્રેઝન્ટેશન માં જાતિઓની ઓળખ અને સંખ્યા માટે જવેરી કમિશનની રચના કરવામાં આવી હતી. જેને ડીસોલ્વ કરી નાખવામાં આવ્યુ છે. જેના લીધે લોકલ લેવલની ચુંટણીઓમાં ફીકસ અનામત દ્વારા બેઠકોની ફાળવણીથી અન્ય જાતિઓને નુકશાન થઈ રહ્યુ છે. આ મામલે હાઈકોર્ટે જણાવ્યુ હતુ કે ઝવેરી કમિશનનો રીપોર્ટ માર્ગદર્શક હોઈ શકે છે, પણ બંધનકર્તા ન હોઈ શકે, હાઈકોર્ટે આ મામલે સરકાર અને ચુંટણીપંચ બંનેને નોટીસ આપી છે.